CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જીવનસાધનાના સોપાનો

(સખ્ય–સહયોગ–સહજીવન)

વિમલા ઠકાર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જીવનસાધનાના સોપાનો

(સખ્ય-સહયોગ-સહજીવન)

વિમલા ઠકાર

મૂળ હિન્દી પ્રવચનો પરથી
ધ્વન્યાંકન તથા અનુવાદ

શ્રેયસ્ કારીઆ

વિમલ પ્રકાશન ટ્રસ્ટ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જીવનસાધનાના સોપાનો (સખ્ય-સહયોગ-સહજીવન)

JeevanSadhanana Sopano (Sakhya Sahyog Sahajeevan)

(A Gujarati collection of talks by Shri Vimala Thakar)

© વિમલ પ્રકાશન ટ્રસ્ટ

''સંતકૃપા'', ૧૦૩, રત્નમ્ ટાવર, જીજીસ બંગલો રોડ, બોડક દેવ, અમદાવાદ-૩૮૦ ૦૫૪

પ્રથમ આવૃત્તિ : એપ્રિલ, ૨૦૦૭ (રામનવમી)
બીજી આવૃત્તિ : એપ્રિલ, ૨૦૧૨ (અક્ષય તૃતીયા)

પ્રત : ૧,૦૦૦ (કુલ પ્રત : ૧૫૦૦)

પૃષ્ઠ : ૪ + ૫૬ = ૬૦

મૂલ્ય : રૂા. ૪૦-૦૦

પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : વિમલ પ્રકાશન ટ્રસ્ટ
'વિમલ સૌરભ',
વાણિયાવાડી શેરી નં. ૯,
રાજકોટ-૩૬૦ ૦૦૨ ગુજરાત
ફોન / ફેકસ : ૦૨૮૧-૨૩૬૫૨૭૯
ઈ-મેઈલ : vimalsaurabh2010@yahoo.com
vimalprakashantrust@yahoo.com

આવરણ ચિત્ર : નેધરલેન્ડઝના કલાકાર મિત્ર-જ્યોર્જિયા

ગ્રાફિક્સ : જયેશભાઈ હિરાણી
કે. ક્રિએશન ગ્રાફિક્સ, રાજકોટ

મુદ્રક : વાસુકિ પ્રિન્ટિંગ પ્રેસ
૯/૫, જંકશન પ્લોટ,
રાજકોટ-૩૬૦ ૦૦૧
ફોન : ૦૨૮૧-૨૪૫૮૩૧૩

Special thanks to **Georgia Niesten**-Netherlands for permission to use her painting on title cover and **Peter Jonkers** for his help to enlist foreign language books.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અર્પણ

માતા-પિતા

ચંદ્રિકાબહેન અને ડૉ. અમુભાઈ કારીઆ

ને....

જેઓએ જીવનના પ્રભાતે

વિમલચેતનાનો સ્પર્શ કરાવ્યો

-શ્રેયસ્

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'શિવકુટી' – માઉન્ટ આબૂ ખાતે
તા. ૦૯ એપ્રિલથી ૧૧ એપ્રિલ, ૧૯૯૩
દરમ્યાન 'ગુજરાત બિરાદરી' દ્વારા યોજાયેલી
યુવા શિબિરમાં અપાયેલા પ્રવચનો.

અનુક્રમ

૧.	સખ્ય-સહયોગ-સહજીવનનું વિજ્ઞાન	૦૧
૨.	એકતાનો આધાર ભારતીય સંસ્કૃતિ	૧૭
૩.	લોકતાંત્રિક જીવનશૈલી	૨૮
૪.	આત્મશક્તિ દ્વારા સમાજ પરિવર્તન	૩૭
૫.	સંપૂર્ણ વિમલ વાઙ્મય	૪૯

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧ સખ્ય-સહયોગ-સહજીવનનું વિજ્ઞાન

સમાજનાં અત્યંત પ્રક્ષુબ્ધ વાતાવરણમાં તમે દૂર દૂરથી આવ્યા છો એ બતાવે છે કે આપના ચિત્તમાં વ્યક્તિગત અને સામાજિક સમસ્યાઓ પ્રત્યે પ્રામાણિક જાગૃતિ છે. આજે સવારથી તમારા બધાની વાતો દત્તચિત્ત થઈને સાંભળી રહી હતી. આશા છે હવે આપ મારું નિવેદન પણ દત્તચિત્ત થઈને, એકાગ્રચિત્ત થઈને સાંભળશો.

જ્યાં સુધી સ્મૃતિ ભૂતકાળમાં પાછળ ફરી શકે ત્યાં સુધી તેને પાછળ લઈ જઈને જોવામાં આવે તો આ જીવનમાં વિશ્વાકાર બનેલા વિશ્વાત્મા સાથે અનુસંધાન રાખીને જીવવા સિવાય કોઈ વાતમાં મને રસ નથી રહ્યો. એક પરમાત્મ સત્તામાં શબ્દાતીત શ્રદ્ધા રહી. સર્વમાં એક ઓતપ્રોત ચૈતન્ય છે, બ્રહ્મસત્તા છે; ઊર્જાશક્તિ છે. વિદ્યાલયમાં જતાં પહેલાં, લગભગ પાંચ વર્ષની ઉંમરે; આ વાતે ખબર નહીં ચિત્તને કેવી રીતે પકડી લીધું હતું. આ પરમાત્મા કશે છુપાયેલો છે અથવા તેને ગોતવો પડે છે એવું બાર વર્ષની ઉંમર પછી લાગ્યું નથી. ધરતીને ચૂમું કે આકાશને, અંધકારના પ્રેમમાં પડું કે આલોકના; જળને સ્પર્શ કરું કે વનસ્પતિને, મને પ્રત્યેક વસ્તુના સ્પર્શમાં, પ્રત્યેક વ્યક્તિની આંખમાં પરમાત્માની સત્તા પ્રતીત થતી. મને તેની સુગંધ આવતી, તેનું તેજ દેખાતું.

આ સમયે સંયોગવશ સંત વિનોબાજીનાં ભૂદાન આંદોલનમાં પ્રવેશ થયો. મનુષ્ય ગરીબ રહે, ભૂખ્યો રહે, વસ્ત્રવિહીન રહે; તેની પાસે ઉત્પાદનનાં સાધનો ન હોય, અન્ન-વસ્ત્ર-આચ્છાદન-શિક્ષણ-આરોગ્યની પ્રાથમિક સુવિધાઓ સુસભ્ય રીતે મળતી ન હોય તો મનુષ્ય માનવધર્મ નહીં જીવી શકે. જીવનમૂલ્યોની વાત તેની સમજમાં નહીં આવે. શોષણને કારણે દરિદ્રતા, ભૂખમરો, દમન, પીડન ઉત્પન્ન થાય છે તેની આગમાં સંસ્કૃતિઓ નષ્ટ થઈ જાય છે આવું મેં મનુષ્ય જાતિનાં ઈતિહાસમાં જોયું હતું.

આ રીતે યુવાનીના આઠ-દસ વર્ષો વિત્યા ભૂદાન આંદોલનમાં, ભારતની પરિક્રમામાં. મારે માટે તે કાર્ય ન હતું. મેં જીવનમાં કંઈ 'કાર્ય' કર્યું જ નથી. કારણ કે કર્તા એક પરમાત્મા છે અને વિશ્વ તેનું કાર્ય છે. પોતાની ચિત્ત શુદ્ધિ માટે લોકો તીર્થયાત્રા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરે છે તેવી રીતે આ મારી અક્ષરશઃ જનયાત્રા રહી. ઔપચારિક કે અલંકારિક ભાષામાં નહીં. આવી વ્યક્તિ કોઈ સંસ્થા અથવા સંગઠન સાથે જોડાયેલી નથી રહેતી. હું પણ નથી રહી. ભૂદાન સમિતિમાં નહીં, સર્વ સેવા સંઘમાં નહીં, સર્વોદય સમાજમાં નહીં; ક્યાંય પણ સભ્ય નહીં, પદાધિકારી નહીં.

આવા એક ધ્યાનમગ્ન જીવન સાધકના જીવનમાં ૧૯૭૮માં એક વળાંક આવ્યો. ૧૯૫૩ થી ૧૯૭૮ સુધી જેઓની સાથે અત્યંત નજીકનો સંબંધ રહ્યો તેમાં સંત વિનોબાજી, જયપ્રકાશ નારાયણ, દાદા ધર્માધિકારી, શ્રી ધીરેન્દ્ર મજમુદાર, આર્યનાયકમ્‌જી, રાજગોપાલાચારીજી, ડૉ. રામમનોહર લોહિયા, શ્રી અચ્યુત પટવર્ધન, રાવસાહેબ પટવર્ધન રહ્યા. આવા દિગ્ગજોની વચ્ચે જીવનના વિદ્યાલયમાં તમારી જીવનાર્થી બહેનને ભણવાનું મળ્યું. બે હાથો વડે તેઓએ આપ્યું, બે હાથો વડે અમે ઝીલ્યું.

જયપ્રકાશ નારાયણ ૧૯૭૮માં જ્યારે મૃત્યુ શૈય્યા પર હતા ત્યારે ખાસ બોલાવીને મને કહ્યું કે, 'બહેન, હવે તો હું ચાલ્યો. આ દેશની હાલત બહુ ખરાબ છે. આપ ૧૯૬૩થી આબૂ જઈને બેઠા છો. અમે તમારી જીવનસાધનાનો આદર કરીએ છીએ. પરંતુ દેશને અનાથ ન થવા દેશો. મારા ગયા પછી લોકજાગૃતિ, લોકશિક્ષણ કોણ કરશે ? વિનોબાજીએ ક્ષેત્ર સંન્યાસ લઈ લીધો છે.' મારાથી તેઓના આંસુ જોઈ ન શકાયા. મેં કહ્યું : 'જયપ્રકાશજી, તમારી મશાલ નીચે પડવા નહીં દઈએ.'

ત્યાંથી પાછા ફરીને મારા મુઠ્ઠીભર સત્સંગી મિત્રોને બોલાવ્યા. તેઓને કહ્યું કે, જેણે પોતાના હાડકાં સુધ્ધાં આ દેશ માટે ઘસી નાખ્યાં તે મહાપુરુષની ઈચ્છા છે; તેઓને મેં વચન આપ્યું છે. આપણે ભારતની યાત્રા કરવી પડશે, લોકસંપર્ક યાત્રા કરવી પડશે.

આ માટે સાહિત્ય તૈયાર કર્યું. હિન્દી, મરાઠી, ગુજરાતી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં નાની-નાની પત્રિકાઓ તૈયાર કરી. મેં કહ્યું કે, આ આપણું યજ્ઞ કાર્ય છે. આપણે કોઈની પાસે પૈસા માગવા નથી. જેવી રીતે ઘરમાં આપણે ખર્ચ કરીએ છીએ તેવી રીતે ખર્ચ કરવાનું નક્કી કર્યું. ત્યારબાદ વિવિધ રાજ્યોમાં કોણ સાથે રહેશે તેનું આયોજન કર્યું. આ બધું કરવામાં અમને બાર મહિના લાગ્યા. અમારા એક મિત્રએ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મીનીબસ ખરીદીને આપી. દરમ્યાન જયપ્રકાશજી ન રહ્યા અને અમારી લોકસંપર્ક યાત્રા, લોકજાગરણ યાત્રા ચાલી. તેમ છતાં કોઈ સંગઠન બનાવ્યું ન હતું..

૧૯૮૦માં પોરબંદરનો પોકાર પડયો, ત્યાં ગયા. ચાલીસ સત્સંગી ભાઈઓ અને પાંત્રીસ સત્સંગી બહેનોએ સાત દિવસ પોરબંદર તાલુકાની યાત્રા કરી. શાંતિઅનુષ્ઠાન કેન્દ્ર અઢી વર્ષ ચાલ્યું. ત્યાં થોડી શાંતિ થઈ તો એ કેન્દ્ર પોરબંદરવાસીઓને સોંપીને આપણે હટી ગયા. પછી આવ્યું Blue Star Operation, પંજાબનો પોકાર પડયો ને પંજાબ ગયા. ત્યાં 'ઈન્સાની બિરાદરી' બની. હિંદુ-શીખોનાં સંયુક્ત શિબિરો થયા. પંજાબનો એક પણ જિલ્લો એવો નથી કે જ્યાં મારું જવાનું ન થયું હોય. તેમ છતાં કોઈ સંગઠન ન બન્યું, ન બનવા દીધું.

૧૯૮૩માં દક્ષિણ અમેરિકાથી પોકાર પડયો. ચીલી, આર્જેન્ટીના, પોલેન્ડથી પોકાર પડયો. મિત્રો બોલાવે અને હું પહોંચી જાઉં છું. જીવનમાં 'કાર્ય' નથી પરંતુ પ્રતિસાદ છે. જે સ્નેહના નિમંત્રણને પ્રતિસાદ નથી આપતા તે સમયે પોતાની યોગ્યતા-અયોગ્યતાનો વિચાર કરે છે, તે ભક્ત નથી. મિત્રોના પોકારને મેં પ્રભુનો પોકાર માન્યો છે.

તે ક્રમમાં આવ્યું અમદાવાદ. ૧૯૮૫માં ભયંકર કાંડ સર્જાયો. થોડા સત્સંગીઓને લઈને અમદાવાદની ગલી-ગલીમાં યાત્રા કરી. પોલીસ કહેતી હતી કે જવા લાયક નથી. તો હું કહેતી કે મારા તરફથી લખી લો કે મૃત્યુ થશે તો જવાબદારી તમારી નથી. આ કાગળો રાજ્યપાલ સુધી જતા. નિરાશ્રિત છાવણીઓમાં ૧૮,૦૦૦ મુસલમાનો અને ૧૨,૦૦૦ હિંદુઓ હતા. એ હિંદુ-મુસલમાન વસ્તીઓમાં ફરી, બળેલા મકાનો જોયા, ભોગ બનેલી વ્યક્તિઓની કથા સાંભળી. તો 'ગુજરાત બિરાદરી' બની.

જ્યાં નફરતની જ્વાળાઓ અને ધૂમાડો ઊડતો હતો ત્યાં સખ્ય સિવાય બીજી શી વાત થઈ શકે ? એક બીજા સાથે નહીં રહીએ એવા વાતાવરણમાં સળગી ગયેલા મકાનોની વચ્ચે એક નાનકડાં મકાનમાં અમે સ્થાન જમાવ્યું. શાંતિઅનુષ્ઠાન કેન્દ્ર શરૂ કર્યું. અગિયાર મહિના ને વીસ દિવસ એ કેન્દ્ર ચાલ્યું. રોજ સમૂહ પ્રાર્થના થતી. ચાહે ગમે તેટલી સફાઈ કરો દુર્ગંધ આવતી. એ રક્તપાત અને બળેલા મકાનોની દુર્ગંધ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આજે પણ મારાં નાકમાં છે અને કદાચ મારા ફેફસામાં છે. ત્યાં બેસીને અમે પ્રાર્થના કરતા, ઘરોમાં જતાં; ગાળો ખાતાં. અમને અવિશ્વાસ ભરેલી નજરોથી જોવામાં આવતા.

તે પહેલા અમદાવાદમાં સવર્ણ-અવર્ણ હુલ્લડ થયું ત્યારે પણ ફરી હતી. એમ પણ સંભળાવવામાં આવ્યું હતું કે અમારા હરિજનના ઘરમાં તમે વાસણ સાફ કરશો, કપડાં ધોશો ત્યારે અમને સમાધાન થશે. મેં કહ્યું ચાલો ભાઈ, અત્યારે જ લઈ ચાલો. હરિજનની સળગી ગયેલી હોસ્ટેલમાં કઈ રીતે સામાન પહોંચાડયો, એ બધી હિસાબ રાખવાની વાતો નથી. હિસાબ 'કાર્ય'નો હોય છે; યજ્ઞનો નહીં, સાધનાનો નહીં. કારણ કે આ કરતાં-કરતાં પોતાનું ચિત્ત શુદ્ધ થતું ગયું ને કોઈ ખૂણામાં પૂર્વગ્રહ પડયો હોય તો તે ધોવાતો ગયો તે જોવાનું હોય છે. બિરાદરીમાં જે મંત્ર તમને મળ્યો, સખ્યમૂલક - સહયોગપરાયણ - સહજીવન એ ભારતીય લોકતંત્રને, રાષ્ટ્રીય એકતાને બચાવવાનો એકમાત્ર રસ્તો છે એવો મારો દાવો છે.

આ સંગઠન માટે જીવનનાં સંધ્યાકાળમાં મેં માર્ગદર્શકનો દાગ સહન કર્યો. જીવનસાધક માટે આ એક બહુ મોટી કસોટી હોય છે, કોઈ સંસ્થાના માર્ગદર્શક બનવું. કારણ કે કરવું, કરાવવું અને અનુમોદન આપવાથી સંગઠનનાં થોડાં લોકો ખોટું કામ કરતા હોય; અનુચિત કરતા હોય, અસત્ય-અધર્મ કરતા હોય, તેમાં ભાગીદાર બનવું પડે છે. માર્ગદર્શકે તેનું પાપ, તેની જવાબદારી ઉઠાવવી પડે છે, ભોગવવી પણ પડે છે. જેવી રીતે આપ પ્રણામ લો છો તેની સાથે-સાથે તે વ્યક્તિનાં જીવનમાં જે અનુચિત કર્મ હોય તેનાં પરિણામમાં તમે સહભાગી બનો છો. પ્રણામ જો ખરેખર લેવામાં આવતા હોય તો તે મામુલી વાત નથી. તેમાં અભિનય હોય તો વાત જુદી છે.

તો એક 'ગુજરાત બિરાદરી' અને બે-ત્રણ વર્ષ પછી બન્યું 'અભિનવ ફાઉન્ડેશન' અને સાથે સાથે 'દક્ષિણ એશિયા બિરાદરી' બની. આ ત્રણ સંગઠનો સાથે માર્ગદર્શક તરીકે મારું નામ લખવામાં આવે છે.

સખ્ય મૂલક - સહયોગ પરાયણ - સહજીવન કોણ જીવી શકે ? આ ઓરડામાં બેઠેલી ચાલીસ-પચાસ વ્યક્તિ પરિવારમાં અને સમાજમાં જીવવા લાગે તો ગુજરાતનો નકશો જ બદલાય જાય. સખ્યનું એક મનોવિજ્ઞાન હોય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

A psychology of co-operation and friendship in place of psychology of competition and confrontation. માનસમાં હંમેશા પોતાની તુલના બીજાની સાથે થતી રહે છે. રૂપમાં, ગુણમાં, યશમાં, પ્રતિષ્ઠામાં, ધન-સંપત્તિમાં બીજા સાથે સ્પર્ધા થતી રહે છે. તુલના કરવાવાળું મન સ્પર્ધા સુધી વહી જાય છે. આ સ્પર્ધામાં ઈર્ષા કયારે ભળી જાય છે તેની ખબર પણ નથી રહેતી. તેમાં ખબર નહીં શું-શું ભળી જાય છે. કેટલીય મલિનતા, કષાય ભળી જાય છે.

માનવજાતે વ્યક્તિગત અને સામુદાયિક રીતે સખ્ય અને સહયોગનાં મનોવિજ્ઞાનનું શિક્ષણ લેવું પડશે. આ શાંતિનું મનોવિજ્ઞાન છે. U.N.ની 'શાંતિ સમિતિ'એ જ્યારે ૧૯૮૩માં મને બોલાવી, Dynemics of World Peace પર ભાષણ આપવા માટે, ત્યારે મેં કહ્યું કે, 'જ્યાં સુધી તમે શાંતિનું અર્થશાસ્ત્ર, શાંતિનું સમાજશાસ્ત્ર, શાંતિનું શિક્ષણ, શાંતિનું મનોવિજ્ઞાન એવું શિક્ષણ નથી આપતા ત્યાં સુધી તમે 'વિશ્વશાંતિ' થાય એમ ઈચ્છો તો તે તમારી ભૂલ છે. માનવચેતનામાં તેના બીજ નાખવા પડશે, સંસ્કારોનું સંક્રમણ કરવું પડશે ત્યારે શાંતિ એક આનુષંગિક પરિણામ તરીકે જન્મશે.'

સખ્ય એ તો એક આધ્યાત્મિક મૂલ્ય છે. અહંકારી વ્યક્તિની છળ વગરની મૈત્રી કોઈની સાથે હોતી નથી. કારણ કે અહંકાર તેને વિજનતામાં, સ્વબચાવમાં લઈ જાય છે. તે બીજાઓથી ડરતો રહે છે. ભક્તિશાસ્ત્રમાં જેને અહંકારમુક્તિ કહે છે તેને હું સમાજ પરિવર્તનના વિજ્ઞાનમાં તુલના અને સ્પર્ધામુક્તિ તરીકે રાખું છું. તેના પરિણામે સખ્ય નામનાં જીવનમૂલ્યનો ઉદય થાય છે.

યુદ્ધમુક્ત વિશ્વની આકાંક્ષા બૌદ્ધિક સ્તર પર જાગી છે. આ માટે સખ્ય-સહયોગ-સહજીવનનું વિજ્ઞાન વિકસાવવું પડશે. માત્ર કહેવાથી કામ નથી ચાલતું. તો, બિરાદરીમાં આવ્યા છે તેઓએ પોતાના વ્યક્તિગત જીવનને પ્રયોગશાળા માનવી જોઈએ. જ્યાં પોતાના જીવનમાં કેટલો હિસ્સો સ્પર્ધા, ઈર્ષા, ક્રોધ વાળો છે. કેટલા સંબંધોમાં સખ્ય જીવી શકાય છે એ જોવું જોઈએ. અરે ! પત્ની સાથે સખ્ય જીવી શકો છો ? કારણ કે સખ્ય એટલે દોસ્તી-મૈત્રી. ત્યાં પ્રભુત્વની ભાવના નથી. પ્રભુત્વની ભાવના સખ્યને ગુંગળાવી દે છે. સખ્ય શબ્દને, સખ્ય મંત્રને તમે બહુ ઉપરછલ્લા અર્થમાં ન લેશો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માનવચેતનામાં આ લોકતંત્રનો પાયો નાખી રહી છું. માનવ સંબંધોમાં સ્પર્ધા વિહીન, તુલના વિહીન સ્તરનું શિક્ષણ લેવું પડશે. તમે જે 'બિરાદરો' ગુજરાતમાં કામ કરો છો ત્યાં પરસ્પરના સંબંધોમાં આ સખ્યનું વાતાવરણ બને એક એવો માનવીય સંબંધ જ્યાં બચાવનું શાસ્ત્ર ન હોય, પરસ્પર ભય આધારિત સંબંધ ન હોય.

આ કોઈ મામુલી વાત નથી. જ્યારે આ સખ્યની ચેતના બનશે ત્યારે સહયોગ તેનો વિસ્તાર થશે. સમાજમાં જ્યાં ગુણ દેખાય તેનો વિનિયોગ થાય. સમાન હેતુ માટે એ ગુણ અભિવ્યક્ત થાયે તેમાં હું તમારી મદદ કરું. મારામાં કોઈ ગુણ હોય તેનો વિનિયોગ થાય તેનું આપ ધ્યાન રાખો. એકબીજામાં જે સત્ય છે, શ્રેષ્ઠ છે તે પ્રગટ થાય અને એક બીજાની નબળાઈઓ ઓળખીને જ્યારે સાથે કામ કરીએ ત્યારે સંભવ હોય ત્યાં સુધી તે કાર્યને પ્રદુષિત ન કરે એ જોવું પડશે.

સહજીવનની વાત એટલા માટે કરી કારણ કે ૧૯૮૫માં હતી તેનાં કરતાં આજે તેની વધુ જરૂર છે.

મારું એવું માનવું છે કે વેદ-ઉપનિષદોએ એક જીવન દર્શન અહીંયા શબ્દબદ્ધ કરીને રાખ્યું છે. આજે ભલે તે જીવિત ન હોય, ઢંકાયેલું હોય, ઉપેક્ષિત હોય, ગ્રંથોના પાનાઓમાં કેદ હોય, છતાં છે. તેનું ભાષાબદ્ધ થવું અને ગ્રંથોમાં અક્ષરબદ્ધ થવું એ પણ એક બહુ મોટું વરદાન છે, વારસો છે. દેશમાં એક જીવનદર્શન હજારો વર્ષો પહેલાં જાગૃત થયું, કે 'સર્વમ્ ખલુઈદમ્ બ્રહ્મ'. આ સમગ્ર જગત માયા નથી; મિથ્યા નથી, બ્રહ્મમય છે, ચૈતન્યમય છે. આ જે કાંઈ દેખાય છે તે બ્રહ્મનું અવતરણ છે, અભિવ્યક્તિ છે. હું પણ અને તમે પણ. આનો ઉદ્‌ઘોષ કરનારું જીવનદર્શન છે તેમાં સહજીવનનું તત્ત્વજ્ઞાન છે.

અને એ તો સંયોગ છે કે આ દેશમાં અનેક વંશો, અનેક સંપ્રદાયો, અનેક સંસ્કૃતિઓ, અનેક ભાષા બોલનારા લોકો રહેવા લાગ્યા. અને એ પણ સંયોગ છે, સૌભાગ્ય છે કે લોકતંત્રનો સંદર્ભ કાગળ પર જ કેમ ન હોય, પરંતુ આજ સુધી ઉપલબ્ધ છે. આ લોકતંત્રના સંદર્ભનો ઉપયોગ કરીને સહજીવનના રસ્તામાં જેટલા વિઘ્નો હોય તેને હટાવવાની સાધના આપણે કરવાની છે, 'प्रत्यवाय निवारणार्थे साधना'. આપણી પાસે તો 'સહનાવવતુ, સહનૌભુનક્તુ' એ સહજીવનનો મંત્ર તો છે જ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ દેશમાં અનેક શક્તિઓ કામ કરી રહી છે. થોડી શક્તિઓ રાજનીતિના નામે, થોડી શક્તિઓ ધર્મ-સંપ્રદાયના નામે કામ કરે છે તે સંગઠિત છે. તેનો પ્રતિકાર પણ સંગઠિત રીતે જ કરવો પડશે કે આ દેશમાં સાથે રહીશું, સાથે જીવીશું. કોઈએ આજે નાગરિક ધર્મનો ઉલ્લેખ કર્યો હતો કે અમારો ધર્મ નાગરિક ધર્મ છે. સાર્વભૌમ માનવધર્મ છે. હવે તમારા ધ્યાનમાં આવ્યું હશે કે સખ્યમૂલક - સહયોગ પરાયણ - સહજીવનનો મંત્ર બિરાદરીમાં કેમ આવ્યો અને તેને આમુખ કેમ બનાવ્યો.

હવે ચાલો આગળ. આપણે લોકો પાસે જઈએ છીએ. ગામડાંમાં - શહેરોમાં વાત કહેવા માટે લોકસંપર્ક થાય છે તે સંપર્કમાં હવાઈ ઉપદેશથી કામ નહીં ચાલે. ઘણાં ગામડાંઓમાં થોડા વર્ષો પહેલા યુવાનો ગયા; યાત્રા કરી. તેના અહેવાલો આપણી પાસે છે. આમ પહેલાં સંપર્ક કરીને સમજી લીધું કે ગામડાંની પરિસ્થિતિ કેવી છે. બીજી વખત જઈએ ત્યારે તેઓની સાથે સ્નેહસંબંધ બંધાય. આપણી વાત કરીએ અને જો તેમના મનમાં આપણા માટે સ્નેહ અને વિશ્વાસ જાગે તો પછી કોઈ ક્ષેત્રમાં બેસીને તેઓની સેવા કરી શકાય તેવા રસ્તાઓ શોધી કાઢીએ. સંપર્ક, સંબંધ, સેવા, પરસ્પર પરિવર્તન એ સોપાનો છે. તમે સખ્યથી રહો; સહયોગથી રહો એવું કહેવા માત્રથી કામ નહીં ચાલે. જો બિરાદરોની સંખ્યા વધે તો બિરાદરોના પોતાના જીવનની આર્થિક વ્યવસ્થા પણ વિચારવી જોઈએ. કરોડપતિઓના ટ્રસ્ટ અને ફંડના ભરોસે પૂરેપૂરા ન રહે અથવા તો સરકારના આશ્રિત ન રહે, આવી સામૂહિક સ્વાવલંબનની દિશાની તપાસ કરવી પડશે.

આવી વાત મારા ચિત્તમાં આવી હતી. જે નિકોરા સંમેલનની પહેલા **તમારી** સેવામાં પણ રાખી હતી. બે-ત્રણના સમૂહમાં બિરાદરોને જ્યાં અનુકૂળ પડે ત્યાં બેસી નિર્વાહ માટે વિજ્ઞાન અને ટેક્નોલોજીની મદદથી કોઈ લઘુઉદ્યોગ શરૂ કરે જેમાંથી ગામનાં લોકોની આવશ્યકતા પણ પૂરી થાય. લઘુઉદ્યોગો એટલા માટે કહ્યું કે, મધ્યમ કદના અને વિશાળ ઉદ્યોગો શરૂ કરવાથી ખાદી-ગ્રામોદ્યોગ સંસ્થાઓનાં બેહાલ થયા તેવા તમારા અને મારા પણ થઈ શકે. તેથી બે-ત્રણ વ્યક્તિઓનો નિર્વાહ ચાલી શકે અને સાથે સ્થાનિક કામ કરવાવાળા બે-ત્રણ બિરાદર મળી જાય, તેનું પણ ખર્ચ નિકળે. ગામનું જે જીવનઘોરણ હોય તેમાંથી બહુ ઊંચું નહીં, બહુ નીચું નહીં એવું મધ્યમ બિંદુ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જોઈને કરવું જોઈએ. એવા ગૃહઉદ્યોગ-ગ્રામોદ્યોગ શરૂ થાય કે જેનો સંબંધ પશુપાલન સાથે અને ગામની આવશ્યકતાઓ સાથે હોય. સમૂહનું આર્થિક સ્વાતંત્ર્ય અને ગ્રામ્ય જીવનની આવશ્યકતાની પૂર્તિ, એ બન્નેનો મેળ બેસાડવાનો છે.

અધ્યાત્મનિષ્ઠ સમાજ પરિવર્તનમાં સખ્ય-સહયોગની વાત કરવા માટે, પોતાના ચિત્તની શુદ્ધિ, જીવન શુદ્ધિ સાધવા માટે નિર્વાહની પદ્ધતિ પણ તેને અનુકૂળ શોધવી પડશે. આપણે તો સાધન-સાધ્ય વિવેક રાખવાવાળા માણસો ! બહેનો અને સ્નાતક થયેલા યુવકો આવીનજે રોજગારીનો સવાલ છે તેવું કહેતા હોય તો વિચારવું જોઈએ કે તેઓને ક્યો નાનો ઉદ્યોગ આપી શકાય જેથી રોજનું લઘુત્તમ કમાઈ શકે. જે ઉત્પાદન થાય તે શહેર માટે નહીં, પરંતુ ગ્રામજનોની આવશ્યકતાઓની પૂરતી માટે થવું જોઈએ. It is lovely to be surrounded by challages. સમસ્યાઓથી ઘેરાયેલા એ સર્જનશક્તિ માટે મોટું વરદાન છે. મને યાદ નથી મારા જીવનનો કોઈ દિવસ સમસ્યા વગરનો ગયો હોય. સમસ્યાઓ આવે છે અને તાજગીનું વરદાન દઈ જાય છે. તે પ્રમાદી બનવા દેતી નથી. કૃપાકઠોર પ્રભુ પોતાના પ્રીતિપાત્ર પાસે સમસ્યાઓ મોકલતા જ રહે છે. મેં ઘણી વખત કહ્યું છે :- Challanges of life are love letters of the Divine.

આપણે આર્થિક સ્વાવલંબનની દિશામાં પણ વિચારવું પડશે. આ દિશામાં વિચારવામાં નથી આવ્યું. સ્વૈચ્છિક સંગઠનો સરકાર અથવા ઉદ્યોગપતિઓના આશ્રિત રહ્યા છે. આધુનિકતમ વિજ્ઞાન અને ટેક્નોલોજીની લઘુઉદ્યોગો માટેની સંભાવના શોધી કાઢવી એ એક વિશેષાધિકાર છે. આપણે નફા-નુકશાનની વાતોમાં બહુ ગૂંચવાઈ જવું ન પડે, જે ઉત્પાદન થાય આજુબાજુનાં પાંચ ગામોમાં વેચાઈ શકે આવું વિચારવું પડશે. આને હું બિરાદરીનું સાંસ્કૃતિક કાર્ય માનીશ.

આ માટે સરકારની કોઈ યોજના હોય તો તેની જાણકારી આપવી જોઈએ. જિલ્લા સ્તરે માહિતી કેન્દ્ર તમે ખોલો. માહિતી આપો કે ગામડાંમાં રહીને કરવા લાયક આ પ્રકારની યોજનાઓ સરકાર પાસે છે. તમારે જવું હોય તો જાઓ, લઈ આવો અને કામ કરો. તે સિવાય કરી શકો તેના આ પ્રકારના રસ્તાઓ છે. આમ, એક માહિતી કેન્દ્ર - સલાહ કેન્દ્ર જિલ્લામાં થઈ જાય. આ વિષય પર ચિંતન કરો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તમારા ઘણા શુભેચ્છકો ગુજરાતમાં છે, તેની પાસે જાઓ. સાત-આઠ વર્ષોમાં તમારી ઘણી શાખ બંધાઈ છે. આ દિશામાં વિચાર કરો. કારણ કે જેની પાસે કોઈ ઉદ્યોગ નથી એવા ચાર-પાંચ વ્યક્તિઓ પણ એકઠા થાય તો ઘણું તોફાન કરી શકે છે; કારણ કે વધારાની શક્તિ પડી છે. સારું કામ નહીં કરી શકે તો ઉપદ્રવ કરશે.

મારે એ કહેવું છે કે સખ્ય-સહયોગની વાત હવામાં નહીં થઈ શકે. ધરતીમાં તેના બીજ વાવવાં પડશે. તમે પશુપાલન કેન્દ્ર ખોલો, vermiculture કેન્દ્ર ખોલો, સેન્દ્રિય ખાતર બનાવીને વેચો - તમે ઘણું કરી શકો છો. આ દિશામાં પ્રયત્ન થવો જોઈએ. આ સાથે એક મુદ્દો વધારાનો કહું કે સખ્ય અને સહજીવનની વાતો સમજાવવા માટે આ ઉદ્યોગો માધ્યમ છે, આ સાધન છે; સાધ્ય નથી. એટલે કે બાહ્યરૂપ છે.

આમ તો હું માનું છું પંડિત મદનમોહન માલવિયજીની વાત જેઓ કહેતા કે પ્રત્યેક ગામમાં એક ગ્રામશાળા એટલે કે વિદ્યાલય હોવી જોઈએ. એક વ્યાયામ શાળા હોવી જોઈએ. એક ગૌશાળા હોવી જોઈએ અને એક સારુ વાચનાલય હોવું જોઈએ. ઉત્તર પ્રદેશમાં ખાસ કરીને પૂર્વ ઉત્તર પ્રદેશ, ગોરખપુર, દેવરિયા, જૌનપુર, બાલિયાની ઘણી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ સાથે મારો સંબંધ રહ્યો છે. પંડિત મદનમોહન માલવિયજી આ વિસ્તારોમાં ખૂબ ફર્યા છે. આજે પણ આ ગામડાંઓમાં ગ્રામશાળા, વ્યાયામ શાળા, ગૌશાળા, ઉદ્યોગશાળાનાં નમૂના આપને જોવા મળશે. પંડિતજી કહેતાં કે એ વગર ગામ બને નહીં. ગામમાં લોકોએ મળીને થોડી ગોચરભૂમિ છોડવી જોઈએ. ગામની જમીન, ગામનું જળ, ગામનું જંગલ અને તેના પર ગામનો અધિકાર હોય. આવું ઉત્તર પ્રદેશમાં કહેનાર પંડિત મદનમોહન માલવિયજી હતા. ગુજરાતમાં સર પ્રભાશંકર પટ્ટણી હતા. પ્રભાશંકર પટ્ટણીનું ગ્રામપંચાયત વિષયક સાહિત્ય તમે ન જોયું હોય તો જોઈ જશો. આ વિષયમાં તેઓનું ચિંતન અને યોગદાન ઘણું રહ્યું છે. તેઓએ અહીં પણ કહ્યું છે અને ઈંગ્લેન્ડની લોકસભામાં તેઓ સભ્ય હતા ત્યાં પણ કહ્યું છે.

તમે ગામડાંમાં જશો તો પહેલાં પૂછશે કે કેટલો પગાર મળે છે ? સરકાર તરફથી શું મળે છે ? કંઈ નથી મળતું છતાં તમે આવ્યા છો ? જાણે કેવી ગાંડપણની વાત કરે છે ! લોકોના મનમાં આવી વાતો આવે છે. લોકોની આવશ્યકતાની પૂર્તિ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થાય, સમસ્યાઓ દૂર થાય તેવા પ્રયત્ન કરીએ પરંતુ તેમ કરતાં-કરતાં એક મુદ્દો ચિત્રમાં સ્પષ્ટ હોવો જોઈએ કે તેઓના પ્રશ્નો હલ કરવા તમે ત્યાં નથી ગયા. તેઓનાં પ્રશ્નો, સમસ્યાઓ તમે હલ કરી દેશો તેવી ખોટી આશા કે ભ્રમ તેઓનાં ચિત્તમાં ઊભો થવા ન દેવો જોઈએ. અહીં ગામડાંમાં રહીએ છીએ, અમને આ માર્ગ દેખાય છે. તમારે કરવું હોય તો મદદ કરીશું એવો ભાવ હોવો જોઈએ. એવા ભ્રમ સાથે આપણે ગામમાં ન જઈએ કે આપણે તેની સમસ્યાઓનું સમાધાન આપીશું. આવા દાવાઓ તો રાજનીતિજ્ઞોના હોય છે. મોટી-મોટી સંસ્થાઓ આવો દાવો કરી શકે. તમે જાઓ છો વ્યક્તિના નાતે.

તમારી ચેતના, તમારી શરીર-સંપત્તિ, તમારી પ્રભુ શ્રદ્ધા; એ જ તમારી મૂડી છે. માટે મનને એ ભ્રમમાં ન રાખો કે અમે ગામમાં રહ્યા અને કંઈ ન કર્યું. ગામનું કરવાવાળા તમે કોણ ? તમે તો જઈને બેઠા. દિશા બતાવી. સંસ્કાર આપો - **संस्कार संक्रमणम् शिक्षणम्** । અમે સવાર-સાંજની પ્રાર્થના કરીએ, તમે પણ બેસો. આ પ્રકારની નમ્રતાવૃત્તિ રાખવી જોઈએ. સૌથી નાના બનો. આપણે નેતાઓ બનવું નથી. આપણે કાર્યકર્તા છીએ નહીં. આપણે કંઈ માંગવું નથી. જે જાણીએ છીએ તેનું નિવેદન કરવું છે. તેઓનાં સાથી બનવું છે. ઉપદેશક, પ્રચારક કે કાર્યકર્તા નહીં. આપણામાં ક્યારેય એવું જાગૃત ન થાય કે આપણે કંઈ કરવા માટે ગામડાંમાં ગયા છીએ. પરિસ્થિતિ પરિવર્તનની શ્રદ્ધા મનમાં હોય પરંતુ આપણે આવી ભૂમિકા ન ભજવવી જોઈએ.

આપણી તો એટલી ભૂમિકા છે કે ગામમાં રહીને જીવીશું. શહેર કરતાં અહીં ચિત્તશુદ્ધિ, જીવનશુદ્ધિની તક છે. તમારી સાથે રહીશું - થઈ શકે તો તમારી સેવા કરીશું. અથવા એમ કહો કે ગામમાં વિજ્ઞાન લાવવું છે, ટેક્નોલોજી લાવવી છે. ગામની ખેતી હંમેશા નુકશાનમાં જાય છે તે ન જાય, ગામ આર્થિક રીતે સંપન્ન બને એવું મનમાં છે એટલે બેઠા છીએ. આવી ભાષા હંમેશા રહે. આ કરાવી આપીશું, બનાવી આપીશું તેવું આશ્વાસન ન આપીએ. ભૂદાન આંદોલનમાં આવા આપવાવાળાની ભાષા મેં સાંભળી છે. દાન આપવાવાળો ભૂમિદાન આપે, પરંતુ અમે કરાવી આપીશું તેવો ભાવ ભૂદાન કાર્યકર્તાઓમાં પણ આવી જતો હતો. આવો ભાવ બહુ જ નુકશાન કરે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંબંધોમાં તુલનાનું વાતાવરણ રહે; પૈસા, પદ, પ્રતિષ્ઠા મેળવવાની દોટ છે ત્યાં તમે પ્રવાહની વિરુદ્ધ દિશામાં જીવો છો. કયારેક કહેશે કે ચૂંટણીઓ આવે છે તેમાં આપ ઊભા રહો, આપે આટલું કાર્ય કર્યું છે, અરે ! 'બિરાદરી'વાળાની તો બહુ શાખ છે, તમે શા માટે ઊભા નથી રહેતા એવી દમ વગરની પ્રશંસા કરશે, શોષણ કરવાની કોશિશ કરશે.

વિરોધી વાતાવરણમાં પોતાના મૂલ્યો સ્થિર રાખીને જીવવું તે એક તપશ્ચર્યા છે. આ તપશ્ચર્યા કરવા માટે પોતાના શરીર, વાણી અને મનની આદતો બદલવી પડશે. જીવન શુદ્ધિ માટે કામ કરીએ છીએ એવું માની લેવું અલગ વાત છે. જીવન શુદ્ધિ અનુસાર જીવનશૈલી બનાવવી પડશે. આજના સમાજમાં જે જીવનશૈલીમાં આપ ઢળેલા હશો, જેમાં તમે જીવી રહ્યા હશો તે જીવનશૈલીને લઈને ચેતનાની ઊંડાઈ સુધી જનારા સખ્ય-સહયોગ-સહજીવન મંત્રો સંક્રાંત નહીં થઈ શકે. માટે એવું આવશ્યક લાગે છે કે ચાહે ગમે તે નોકરી-વ્યવસાયમાં તમે હો તમને આ સાંસ્કૃતિક અભિયાન માટે શ્રદ્ધા-પ્રેમ છે તો આજથી જ સ્વશિક્ષણનો પ્રારંભ કરવો પડશે. આપણું અધ્યાત્મ બહુ વ્યાપક છે. કોઈએ કહ્યું હતું કે પૂજા-પાઠ કરવા, મંદિરમાં જવું એ તો અમે જાણતા હતા; એવું તો આ નથી. આ અધ્યાત્મ કહે છે કે, જીવન જીવવાનું કર્મ વિશુદ્ધ કરતા રહો. જીવવાનું કર્મ વૈજ્ઞાનિક બનાવો. જીવન જેટલું વૈજ્ઞાનિક બનશે તેટલું વિશુદ્ધ બનશે. શુદ્ધિકરણમાં જ જ્ઞાનનું જાગરણ છે.

અધ્યાત્મનિષ્ઠ જીવન પરિવર્તન માટે અધ્યાત્મ જીવવું પડશે ને ? સખ્ય-સહયોગ એ તો જીવનનો રસ્તા છે; પરંતુ અંદર ? તે માટે સ્વશિક્ષણ લેવું પડશે. અવ્યવસ્થિત જીવન વૈજ્ઞાનિક અધ્યાત્મ ન જીવી શકે. A scientific spirituality requires a scientific approach to physical, psychological, verbal levels of life. It requires the development of scientific temprament. આમ, ચિત્ત અને જીવનશૈલીને વૈજ્ઞાનિક બનાવવા પડશે. આનું શિક્ષણ તમે લો. આપણે કોઈની પાસે જઈએ અને તે આપણી જીવનચર્યા-દિનચર્યા બતાવી આપે તે બનતું નથી. તમે ચર્ચા જરૂર કરી લો, પરંતુ ફેંસલો તો તમારો જ હોવો જોઈએ. બળ સંકલ્પથી આવશે ઈચ્છાથી નહીં આવે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કેટલા કલાકો ઊંઘ લેવી, ક્યારે આહાર લેવો, કેટલો સામાજિક સંપર્ક અનિવાર્ય છે તે નક્કી કરી લો. પરિવારમાં હો તો પરિવાર સાથે બેસીને નક્કી કરી લો. સ્વશિક્ષણ માટે કેટલો સમય કાઢી શકશો તે નક્કી કરો. એક કલાક કાઢી શકો તો અરધો-અરધો કલાક સવાર-સાંજ કાઢો. જીવનકાર્ય શરૂ કરતા પહેલાં શરીરને થોડો વ્યાયામ આપી દો. જો બહુ પરિશ્રમ કરવો પડતો હોય તો અલગ વ્યાયામ લેવાની જરૂર નથી. પરંતુ જો બેઠાડું જીવન હોય તો દસ-બાર મિનિટમાં પાંચ-છ આસનો કરી લો. ચાર-પાંચ મિનિટ પ્રાણાયામ કરી લો.

ચિત્ત શુદ્ધિ માટે કંઈક સ્વાધ્યાય કરવો પડશે. જ્ઞાનમાર્ગનો પ્રેમ હોય તો જ્ઞાનમાર્ગનો ગ્રંથ, ભક્તિમાર્ગ પ્રિય હોય તો ભક્તિમાર્ગનો ગ્રંથ, ભજન પ્રિય હોય તો સાધુ-સંતોના જીવનચરિત્રો, ભજનો; તમને જે પ્રિય હોય તે લો. ચિત્તશુદ્ધિ માટે, કષાયો ધોવા માટે, આત્માનુભવીઓની વાણીનો ઉપયોગ કરો. પછી ભલે ભજન હોય, જપ હોય, સ્વાધ્યાય હોય. કોઈને વિવેકાનંદના ગ્રંથ, રામતીર્થના ગ્રંથ, રામકૃષ્ણ પરમહંસનું ચરિત્ર સારું લાગતું હોય. કોઈને દસ-પંદર મિનિટ ગાવાનું સારું લાગતું હોય.

સંસારમાં હું અને મારું ભાવ લઈને જીવતાં-જીવતાં થોડી ઘણી મલિનતા આવી જાય છે તેને સંતોની વાણીથી ધોઈ શકો છો. ચિત્ત પરની આ ધૂળ ધોવાઈ શકે છે. આપની પાસે વધુ સમય હોય તો વધુ સમય કાઢો નહીંતર પંદર મિનિટ સ્વાધ્યાય કરો. કોઈ ગ્રંથના એક-બે પાનાં શાંતિથી દસ મિનિટમાં વાંચી લીધા અને પંદર મિનિટ આંખ બંધ કરીને બેસી ગયા બાદ મિનિટમાં પાંચ-છ આસનો કર્યા અને ત્રણ મિનિટ પ્રાણાયામ. આપ અરધો કલાક કાઢો - જેવી રીતે તમે ભોજન વગર નહીં રહી શકો તેવી રીતે આ બધા વગર પણ ન રહો.

રાત્રે સૂતા પહેલાં વાંચશું. પાંચ-દસ મિનિટ બેસી રહીશું. વિચાર આવે તો આવવા દો. મૌન સધાય છે કે નથી સધાતું તેના તમે ન્યાયાધીશ ન બનો. વિચાર આવે છે તો વિચારને જોતા રહો. દસ મિનિટ સુધી જુઓ તો ખરા ! એ જોવું એ જ તમારો દ્રષ્ટાભાવનો અભ્યાસ બની જાય છે. તમારી અંદર શું પડયું છે તેનો તમારી સાથે પરિચય થઈ જાય તે પૂરતું છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સવારે વાત કરી હતી કે ક્રોધ ચઢે છે, ગુસ્સો આવે છે. જ્યારે ગુસ્સો આવતો હોય, અસમંજસમાં પડયા હો, મૂંઝાઈ ગયા હો તેવું લાગે. કોઈ સવાલનો જવાબ ન મળે, ભય લાગે, ચિંતા થતી હોય તો તમે પ્રયોગ કરીને જૂઓ. જ્યાં હો ત્યાંથી પાંચ મિનિટ માટે હટી જાઓ. શાંતિથી આસન લગાવીને બેસી જાઓ. ઝઘડો કરવાવાળા સામે આવી જાય, સંઘર્ષનો પ્રસંગ આવે, ગરમા ગરમ ચર્ચા થવા લાગે તો પાંચ મિનિટ આંખ બંધ કરીને બેસી જાઓ. અંદર જે આવેગ ઊઠે છે તે શાંત થવા માટે જ ઊઠે છે. તેને સ્થિરતા નથી, વેગ હોય છે. પરંતુ અલ્પજીવી હોય છે તેને શાંત થવા દેવા માટે પાંચ મિનિટ ચૂપચાપ બેસી જાઓ. કહો કે જરા પાંચ મિનિટ થોભો, હું વિચારી લઉં. આ પ્રયોગ આપ અજમાવી જુઓ. Spirituality is an experimental science. અહીં માન્યતા ધારણાનો પ્રશ્ન નથી.

સવાર-સાંજ અડધો કલાક આપવાથી; સ્વાધ્યાયથી, મૌનમાં બેસવાથી શું થશે તેને હાથમાં ત્રાજવું લઈને તોળવા ન બેસો. જુઓ કે તમારામાં કેટલાં રાસાયણિક ફેરફારો આવે છે. લોહીનાં દબાણ અને પરિભ્રમણમાં શાં પરિણામો આવે છે. ત્રણ મહિના, છ મહિના કરી જુઓ. ભૂખ અને ઊંઘ પરનાં પરિણામો જોઈ જુઓ. આ નિયમપૂર્વક કરવું જોઈએ. વિશ્રાંતિનો તબક્કો ન આવતો હોય તો ન આવે, વિચારો આવતા હોય તો ભલે આવે. તમે તો વિચારોની સાથે હલતા નથી ને ? તમે તો બેઠા છો ને ?

દિવસનો એક કલાક જરૂર કાઢો. સવાર અને રાત એટલા માટે કહ્યું કે દિવસ શરૂ કરતાં પહેલાં આયોજન કરવું પડે છે. Organise today and tomorrow shall take care of itself. અહીં મનમાં આવ્યું તે કર્યું તેવું નહીં ચાલે. માટે જ જીવનને પ્રયોગશાળા બનાવવાની વાત કરી. જીવન પ્રયોગશાળા બને અને જીવનયોગનું શિક્ષણ થાય. કારણ કે આપણી પાસે જીવન જીવવાનું કર્મ એ જ આત્મસાધના છે. માનવના સંબંધોમાંથી રાગ-દ્વેષ ઓછાં થતાં જાય, શાંત થતાં-થતાં જતાં રહે એ જ આપણી સાધના છે. સંબંધોથી અલગ મુક્તિનું દ્વાર નથી. સંબંધો જ મુક્તિનું દ્વાર છે.

સમાજમાં રહેવા છતાં જીવન જીવવાનું કર્મ વિશુદ્ધ અને વૈજ્ઞાનિક બનતું જાય. તેમાંથી રાગ-દ્વેષ ઓછાં થતાં જાય. રાગ-દ્વેષોનું શાંત થવું એ જ ચિત્તમાં સમત્વનું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જાગરણ છે. समत्वम् योग उच्यते । ચિત્તને શાંત કરવું છે - શાંત કરવું છે તેમ કહેવાથી નહીં ચાલે. આ ધર્મક્ષેત્રે-કુરુક્ષેત્રે સંબંધોમાં સવારથી રાત સુધી જીવવું પડે છે. રસોઈ કરવી પડે છે, વાસણો સાફ કરવા પડે છે, ઓરડાની સફાઈ કરવાની હોય છે. એ બધું તો ચાલતું રહે છે. 'બિરાદરી'નું કામ કામ ન બને.

ઘણાએ વાત કરી હતી કે અમે કહીએ છીએ પરંતુ સામેવાળા સમજતા નથી. એટલે કે સંમત થતાં નથી. બે-ત્રણ વખત સમજાવ્યા અને ન માને તો ગુસ્સો આવે છે. જુઓ, આપ બાળકની સાથે બેસો અને તેને સમજાવો તો ત્યાં સમજવામાં કોઈ અવરોધ નથી, પ્રતિકાર નથી. સાંભળવા માટે અનિચ્છા નથી. પરંતુ જેઓ મોટી ઉંમરના છે તેઓનાં ચિત્તમાં અભિપ્રાયો બની ચૂકયા છે. પસંદગી-નાપસંદગી બની છે. પૂર્વગ્રહો બન્યા છે તેઓ સમજવા છતાં નથી સમજતા.

આપણું કામ મનાવવાનું નથી; આપણે પરિવર્તન કરાવવા જતા નથી. શિક્ષક અને પરિવર્તન કરાવનાર બંનેના કામમાં ફરક છે. તમે શ્રદ્ધાપૂર્વક તમારી વાત કરો; નિવેદન કરો, આદાન-પ્રદાન કરો. પરંતુ સમજવું જ જોઈએ તેવો આગ્રહ ન રાખો. માનવજાત શિખવાની પ્રક્રિયામાં ઘણી મંદ છે.

તમારી વાત ક્યારે ઝડપથી સમજશે ? જો કોઈ ચૂંટણીની ટિકિટ મળવાની હોય; નોકરી મળવાની હોય; તમે કંઈ અપાવી દેવાના હો તો વાત ઝડપથી પકડશે. અહીં તો સત્ય સમજવાની વાત છે, જીવનમૂલ્યોની વાત છે માટે વાર લાગે છે. સત્ય સમજાવનારને ક્યારેક ઝેર પાવામાં આવ્યું. ઈશુને શૂળી પર ચડાવવામાં આવ્યા. મનસૂરને સજા થઈ, અનલહક્ક કહેવાની. ગાંધીજી પર ગોળી ચલાવવામાં આવી. તો સત્ય સમજવું કે ન સમજવું એ તેઓની મરજી છે. આપણને તો કહેવાનો મોકો મળ્યો. આપણી વાણીથી શુભ વાત, અધ્યાત્મની વાત કહેવાનો અવસર મળ્યો. કેટલા ભાગ્યશાળી છીએ આપણે ! સ્વધર્મ પાલનની તૃપ્તિ હોવી જોઈએ. The act of communication is its own fulfilment.

તમે એમ કહો કે રાજનીતિક પક્ષ બનાવવા નિકળ્યા છીએ, સરકાર પરિવર્તન કરાવવા નિકળ્યા છીએ તો એક અલગ વાત છે, પરંતુ તમે અને અમે એક સાંસ્કૃતિક-શૈક્ષણિક અભિયાનની વાત કરીએ છીએ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સખ્ય-સહયોગની પ્રેરણા આપવાની વાત કરીએ છીએ. જીવનમાં શુભ ધારણ કરી એ શુભને સંક્રાંત થવા દેવાની વાત કરીએ છીએ. આ માટે અખૂટ ધીરજ જોઈએ. બહુ તિતિક્ષા જોઈએ. ઉતાવળે આંબા ન પાકે !

જનમાનસમાં આ વાતની આવશ્યકતા છે. નહીં તો આબૂમાં આટલા નવયુવાનો શા માટે આવે ? કેરી શાખ પર તો છે ! તમારા લોકોનું અહીં દૂર સુધી આવવું; પ્રયત્ન કરવાની ઈચ્છા બતાવવી એ જ બતાવે છે કાળ અનુકૂળ છે. તમારામાં તે ખીલી ઊઠી છે. બાકીના લોકોમાં પડેલી છે. તેઓને દ્વિધા છે - સંશય છે.

સમય અનુકૂળ છે એવું કહું છું તેનો અર્થ એ નથી કે કસોટી નહીં થાય. એક તરફ સંકુચિત માનસ અને સંકુચિત વર્તુળો છે. અધિકારોની વાત પર ચેતના ઊતરી આવી છે. જીવનનું વ્યાપારીકરણ - અપરાધીકરણ થઈ ગયું છે. દેહથી લઈને રૂપ, ગુણ, બુદ્ધિ; વિશ્વાસ સુદ્ધાં ખરીદવા-વેચવાની વાતો થવા દીધી છે. આજે તો માનવ વેચાઈ રહ્યો છે. કેટલા મુશ્કેલ સમયમાં આપણે જીવી રહ્યા છીએ તે જોઈ લો.

આવા પ્રક્ષુબ્ધ વાતાવરણમાં શાંતિનું જળ લઈને જવાનું છે. પરસ્પર નફરત અને દ્વેષ ભડકાવવાની બોલબાલા છે ત્યાં તમે પ્રેમની વાત લઈને જાઓ છો અને તેથી જ લોકોની આંખમાં ખટકશો. અત્યાર સુધી ખટકયા નહોતા પરંતુ હવે ખટકશો. હવે આ અસત્યને સત્ય ખટકશે. તમારી નાગરિક ધર્મની વાત, માનવધર્મ-સાર્વભૌમ વાળી વાત સાંપ્રદાયિક ઝનૂન ફેલાવવાવાળાઓને ખૂબ અપ્રિય હશે. તમારું કામ ન થાય તેવા તેઓ ઘણાં ઉપાયો શોધશે. અત્યાર સુધી તમને પ્રેમ મળ્યો છે પરંતુ હવે મુશ્કેલ મુકાબલો છે.

આગ ઠારવા જેવી રીતે પાણી જોઈએ તેવી રીતે આપણી પાસે શાંતિ ન હોય, મૌન દ્વારા જાગૃત થયેલી સ્થિરતા ન હોય તો આવા વાતાવરણમાં તમે કામ નહીં કરી શકો. પાગલ કરે તેવા વાતાવરણમાં પોતાની સ્થિરતા કેવી રીતે કાયમ રહે તે જુઓ. આ માટે તમારે ભારતનાં છેલ્લા ચાલીસ વર્ષના સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન જોવા પડશે. તમે બેસશો તો સમજાવીશ. પરંતુ તે અત્યારનો વિષય નથી.

જેઓ અલ્પ તરફ જઈ રહ્યા છે તેને તમારી વ્યાપકતાની વાત પસંદ નહીં પડે. વ્યાપકતાની વાત કરનારા દુશ્મન લાગશે. ઝનૂનની વાતો કરનારાને શાંતિની વાતો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરનારા દુશ્મન લાગે છે. ૧૯૬૫ અથવા ૧૯૬૮ની વાત છે. એ દિવસોમાં જયપ્રકાશ નારાયણ અને પ્રભાવતીજી અહીં આવ્યા હતા. એ દિવસોમાં સ્વામી ગંગેશ્વરાનંદજી અહીં હતા. અહીં તેઓનો કૈલાસ આશ્રમ છે. એ દિવસોમાં જયપ્રકાશજી Oneperson goodwill mission લઈને પાકિસ્તાન જવાના હતા. જેવી સ્વામીજીને ખબર પડી તો મારી પાસે સંદેશો મોકલાવ્યો કે, બેટી, જયપ્રકાશજીને લઈને મારી પાસે આવો. અમે મળવા ગયા. સ્વામીજીએ કહ્યું કે, 'જયપ્રકાશ ! વાસુદેવ જ્યારે દુર્યોધનની સભામાં દૂત બનીને શાંતિ માટે ગયા હતા ત્યારે શું થયું હતું તે યાદ છે ?' જયપ્રકાશજીએ કહ્યું, 'હા, મહારાજ. તેની વાત માનવામાં આવી નહોતી. આવી આક્રમણ કરવાની પણ તૈયારી હતી.' સ્વામીજીએ કહ્યું, 'તો બસ બેટા, આટલું ધ્યાનમાં રાખજો.' જયપ્રકાશજી ગયા હતા પરંતુ તેમની પાકિસ્તાન જવાની વાતથી દિલ્હીમાં આપણા ભારતના લોકો પ્રક્ષુબ્ધ થઈ ગયા હતા. માર મારવા પર ઊતરી આવ્યા હતા.

હું એટલું જ કહેવા માંગું છું કે, પ્રેમ મળ્યો છે તો અસહિષ્ણુતા પણ મળશે. તેને શાંતિથી સહન કરજો. નિરાશ ન થશો. એટલું જ કે કાળ પ્રતિકૂળ છે; તિતિક્ષાની જરૂર છે. શબરીએ કેટલી પ્રતિક્ષા કરી હતી, કે રામ આવશે ? તો તમે ગભરાશો નહીં. ભણનારે જ પરીક્ષા આપવાની હોય છે ને ? જે ભણતા જ નથી તેની તો પરીક્ષા થતી નથી.

◆

(પ્રારંભિક પ્રવચન, તા. ૦૯-૦૪-૧૯૯૩-ગુડફાઈડે)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૨ એકતાનો આધાર ભારતીય સંસ્કૃતિ

આજે, જે વાતો કરવી છે તે મૂળભૂત સ્વરૂપની છે. 'ગુજરાત બિરાદરી'ના 'બિરાદરો' પર અથવા સંગઠન પર વ્યક્તિગત કે સામૂહિક રીતે મારા નિવેદનનો સ્વીકાર કરવાની કોઈ જવાબદારી નથી. આ એક વિશ્વ નાગરિકનાં ચિંતનના ઉદ્‌ગાર છે. જેટલું ગ્રાહ્ય લાગે, જેટલું બુદ્ધિ અને અંતઃકરણ સ્વીકારે; જેટલું જીવનમાં ઊતારવાનું સાહસ હોય તેટલું જ ગ્રહણ કે ધારણ કરશો. બાકીનું મારી ઝોળીમાં પાછું આપજો.

દેશ સામે, રાષ્ટ્ર સામે પડકારો છે તેનું સ્વરૂપ શું છે ? તેનો મુકાબલો કરવા 'બિરાદરી' સંગઠનના રૂપમાં અને 'બિરાદર' જીવનસાધકની હેસિયતથી શું કરી શકે છે ?

પહેલાં રાષ્ટ્ર શબ્દને લેવો પડશે. ચાલીસ વર્ષોથી આ દેશ પર અભારતીય સંસ્કૃતિનું આક્રમણ રહ્યું છે. અભારતીય દર્શન, જીવનશૈલી, માન્યતાનું આક્રમણ થતું રહ્યું છે. પશ્ચિમમાં રાષ્ટ્ર માટે શબ્દ છેં Nation. રાજ્ય માટે શબ્દ છે State. સરકાર માટે શબ્દ છે Government. પશ્ચિમમાં છેલ્લા બસો વર્ષોમાં જે દેશો બનતા ગયા, ઉખડતા ગયા અને ફરી બનતા ગયા તેનો આધાર રાજ્ય પર રહ્યો છે. રાષ્ટ્રની સમગ્રતા - ominity and integrity - કાયમ રાખવાની જવાબદારી રાજ્યની અને સરકારની માનવામાં આવી છે. આપણે ત્યાં બ્રિટિશરો અને મુગલોના આવતા પહેલાં અને કહું તો પાંચ હજાર વર્ષ પહેલાં રાષ્ટ્ર જીવિત હતું; અસ્તિત્વમાં હતું. The Nation has existed in this part of the Globe prier to the Indian State. અંગ્રેજોએ સત્તાના કેન્દ્રીકરણ માટે એક રાજ્ય બનાવ્યું. પોતાની સત્તા કાયમ રાખવા માટે, અનુકૂળ વહીવટ કરવા માટે બ્રિટિશરોએ કાયદો અને વ્યવસ્થાની કલ્પના કરી છે. પિનલ કોડ અને ક્રિમિનલ કોડ લઈને રાજ્ય બનાવ્યું. કેન્દ્રીય ભારત સરકાર બનાવી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ રાજ્યનાં હાથમાં પહેલાં તો જનચેતનાને લેવાની હતી. જે સરકારના હાથમાં જનચેતનાના સૂત્રો નથી તે સરકાર ટકતી નથી. માટે લોર્ડ મેકોલેએ ૧૮૪૦માં એક શિક્ષણ પદ્ધતિ શોધી કાઢી. આમ, ૧૮૪૦ થી આજ સુધી તમે, અમે, આપણા નેતાઓ, પૂર્વજો આ શિક્ષણ પદ્ધતિમાં તૈયાર થયા. આ શિક્ષણના પાયાની ભાવના જ વિદેશી છે. પાઠયપુસ્તકો, પાઠયક્રમોથી લઈને શિક્ષણ સંસ્થાઓનું સ્વરૂપ, શિક્ષક-વિદ્યાર્થીઓના સંબંધો, શિક્ષક અને વાલીઓના સંબંધો - આ બધું ભારતની બહારથી આવ્યું.

જનચેતના પછી સરકાર ટકાવી રાખવા માટે રાજ્યના હાથમાં અર્થનીતિ અને અર્થતંત્ર નિર્વિવાદ રીતે હોવા જોઈએ. આ રીતે આપણું અર્થતંત્ર અને અર્થનીતિ બન્યા. આ દેશમાં જે સરકારો પાછલા ચાલીસ વર્ષોથી ચાલી આવી છે તેનો આપણા ધર્મ, અર્થ, કામ, મોક્ષ સાથે કોઈ સંબંધ નથી. અર્થ નામનો પુરુષાર્થ ધર્માધિષ્ઠિત હોવો જોઈએ. આપણે ત્યાં ધર્મનો અર્થ માનવધર્મ છે. ना हि मानुषात् परम किंचित्। મનુષ્યથી શ્રેષ્ઠ કશું નથી. પરમાત્મ સત્તાને જીવનના અનંત સત્યને અવતરિત થવા માટે, ખિલી ઉઠવા માટે મનુષ્યદેહ અને મનુષ્ય ચેતના અનુકૂળ રહી છે તેમ ઈતિહાસ કહે છે. જીવનનો સાર્વભૌમધર્મ માનવધર્મ છે. આ માનવધર્મના માનવીય મૂલ્યો પણ છે. આપણે ત્યાં Gross National Product, Per Capita Incomeના આંકડાઓ અને તથ્યોનું મહત્ત્વ ન હતું. એવી જવાબદારી હતી કે રાષ્ટ્રમાં રહેનાર પ્રત્યેક વ્યક્તિને સન્માનપૂર્વક અન્ન, વસ્ત્ર, આવાસ, આરોગ્ય અને શિક્ષણની વ્યવસ્થા મળી રહે.

અર્થનીતિ અને અર્થતંત્ર રાજ્યના હાથમાં ચાલ્યા ગયા. શાસન કેન્દ્રીત થઈ ગયું. અહીં ગણરાજ્યો હતા. મગધના, લિચ્છવીઓના, દક્ષિણમાં, તક્ષશિલામાં હતા. ગ્રામપંચાયતો હતી, જ્ઞાતિ પંચાયતો હતી. આ બધાનું મહત્ત્વ ઘટી ગયું અને કેન્દ્રીય શાસનના દલાલો કામ કરવા લાગ્યા. રાજ્ય સરકારો, જિલ્લાનું વહીવટી તંત્ર, તાલુકા અને ગામડાંઓ સુધી કેન્દ્રથી આવેલા અધિકારીઓ શાસન કરે છે. અહીંનું જીવન આવું ન હતું. ગાંધીજીએ કહ્યું હતું કે, 'મારા સ્વપ્નના સ્વાધીન ભારતમાં ગ્રામ રાજ્ય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હશે અને ભારતવર્ષ ગણરાજ્યો-ગ્રામરાજ્યોનો મહાસંઘ બનશે.' The indipendent India of my dream would be the faderation of village republics એવું કહ્યું હતું. જોઈ લો ૧૯૩૦ની ગોળમેજી પરિષદની વાતો, ૧૯૩૧ના કરાંચીના કોંગ્રેસ અધિવેશન અને ત્યારપછીની ગાંધીજીની વાતો, સંત વિનોબાજીની વાતો.

આપને બતાવી એ રહી છું કે અહીં પણ ચાલીસ વર્ષોમાં રાજ્યાધારિત રાષ્ટ્રની અવધારણા ઊભી કરવાની કોશિશ થઈ. તમારો અને મારો ધર્મ છે આ પ્રવાહને ઉલટાવી દેવાનો. રાષ્ટ્રાધારિત રાજ્ય; રાજ્યાધારિત રાષ્ટ્ર નહીં. ભારતીય સંસ્કૃતિ ભારત રાષ્ટ્રની રાષ્ટ્રીયતાનો આધાર બનશે. આ વાત રાષ્ટ્રીય એકતા પરિષદમાં પણ કહેતી આવી છું અને ભારતની લોકસભામાં જે કહેવાતા પ્રતિનિધિઓ બેસે છે તેને પણ કહેતી-લખતી આવી છું કે રાષ્ટ્રની તમારી વ્યાખ્યા શું છે ? જ્યાં સુધી રાષ્ટ્રને રાજ્યાધારિત માનશો અને કેન્દ્રીય સરકારને સર્વોચ્ચ માનશો ત્યાં સુધી પાંચ લાખ ગામડાંઓના સ્વશાસનનો અધિકાર તમે માન્ય નહીં રાખો. આ વિશે ગંભીરતાથી વિચારો.

મારા જોયા અને જાણ્યા પ્રમાણે, મારી સમજ અનુસાર રાષ્ટ્રીય એકતા હવે કાયમ રહેશે પાંચ લાખ ગામડાંઓને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ મારફત મળનારા ગ્રામ સ્વરાજ્ય દ્વારા. એ પંચાયતી રાજ નહીં કે જ્યાં તમે એક સત્તાનું વિકેન્દ્રીકરણ કરો છો. એવું રાજ્ય આવે કે જ્યાં સત્તાનું વિકેન્દ્રીકરણ નહીં, પરંતુ સત્તાનું કેન્દ્ર બદલે. સત્તાનું કેન્દ્ર દિલ્હીમાં રહે અને પાંચ લાખ ગામડાંઓનું ભવિષ્ય દિલ્હીમાં બેસીને નક્કી કરવામાં આવે તો લોકતંત્ર આ દેશમાં જન્મી નહીં શકે. લોકશાસન વગર લોકતંત્ર નથી. ભારત રાષ્ટ્રની રાષ્ટ્રીયતાનો આધાર ભારતીય સંસ્કૃતિ છે. શબ્દોની આતશબાજીથી સમસ્યાનો ઉકેલ નહીં નિકળે. પ્રભુકૃપાથી નિર્ણયની એક સુંદર ઘડી આવી છે.

હવે - ભારતીય સંસ્કૃતિ રાષ્ટ્રીયતાનો આધાર છે. હજારો વર્ષોથી રહી છે અને હજારો વર્ષો સુધી રહેશે એવું કહેવા પાછળ ભારતીય સંસ્કૃતિનો આશય શું છે તે જોઈએ. ભારતીય સંસ્કૃતિથી મારો અભિપ્રાય વૈદિક દર્શન છે. વેદ, ઉપનિષદ, સાંખ્ય,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

યોગ, ન્યાય,, વૈશેષિક, પૂર્વ મીમાંસા, ઉત્તર મીમાંસા, વેદાંત એ ષડ્દર્શન છે. બધા ઉપનિષદનો સાર છે શ્રીમદ્ભાગવત ગીતા જેમાં ષડ્દર્શનનો સમન્વય છે. આ વૈદિક દર્શન ગીતા સુધી લઈ લો કે જેમાં ભારતીય સંસ્કૃતિનું અધિષ્ઠાન છે. The foundation of Indian culture, the roots of Indian culture are in vedic darshan.

શું કહેવાનું છે આ વૈદિક દર્શનોનું? અમે વ્યવહાર અને અધ્યાત્મમાં ફરક માનતા નથી. જડ અને ચેતન એક બીજાના વિરોધમાં છે તેમાં કોઈ વિભિન્નતા છે એવું માનવામાં નથી આવતું. આત્મનઃ આકાશઃ સંભૂતઃ । આકાશાત્ વાયુઃ વાયોરગ્નિઃ । અગ્નેર આપઃ । અદ્ભ્ય પૃથિવીઃ ચૈતન્યમાંથી ચૈતન્યના આશયનો વિસ્તાર થઈને જગત બન્યું. અહીં પ્રકૃતિ અને પરમાત્મા, જડ અને ચેતન વ્યવહાર અને પરમાર્થ એવા ભેદ નથી, સર્વં ખલુ ઈદમ્ બ્રહ્મ ।

આ વાતને આપણે જીવી નથી શકયા માટે આજની આપત્તિ છે. સંસ્કૃતિ વિસ્મરણમ્ વિપદા । સંસ્કૃતિ સ્મરણે સંપદા । આમ આપણે જોયું કે સમગ્ર વિશ્વ એક જ છે, એક વૈશ્વિક એકતા છે. જીવન અવિભાજ્ય, એકરસ, અખંડ સંજ્ઞા છે. અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના નામે તેના ખંડ ન પડી શકે. આ અખંડિતતા અને એકરસતાને પોતાના વ્યક્તિગત જીવનમાં અને સામૂહિક જીવનમાં અભિવ્યક્ત કરવી એ સંસ્કૃતિનું શીલ છે.

સંસ્કૃતિ આહાર-વિહારમાં જીવે છે; ભાષામાં જીવે છે, જીવનશૈલીમાં જીવે છે. તે કેવળ શબ્દોમાં જકડાયેલી નથી રહેતી. ભારતીય સંસ્કૃતિથી આપણો અર્થ છે જીવનની એકતાનો ઉદ્ઘોષ. આ ઉદ્ઘોષ કોણ કરશે? માનવજાતિ કરશે. આ ભૂખંડમાં રહેનારા લોકો કરશે. કેવી રીતે કરશે ? તેઓ પોતાના સામાજિક સંબંધો સહયોગ અને સંવાદના આધારે નિર્માણ કરીને કરશે.

બીજા દેશોમાંથી લાવેલા સામાજિક, આર્થિક, રાજકીય માળખાઓને આદરપૂર્વક તેઓને પરત કરવા જોઈએ. આપણે આપણા નવા માળખાઓ ઊભા કરવા પડશે જેમાં જીવનની એકતા પ્રગટ થશે. આપણી સમાજનીતિ, અર્થનીતિ,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રાજનીતિ, પ્રશાસનનીતિ આ એકતાને વ્યક્ત કરવા માટે હશે. એકતાને અવતરિત કરવાનો સંસ્કૃતિ અને સમાજનો ધર્મ છે. ઘર્ષણ, ધિક્કાર અને હિંસાના મનોવિજ્ઞાનના સ્થાને તમે સંવાદ અને સખ્યનું મનોવિજ્ઞાન ઊભું કરશો. ભારતીય સંસ્કૃતિ આનાથી ઓછી નથી; આનાથી અલગ નથી. આમ, જીવનની એકતાને માનવીય સંબંધોમાં અભિવ્યક્ત કરવી.

આમ, રાજ્યાધારિત રાષ્ટ્ર નહીં પરંતુ રાષ્ટ્રાધારિત રાજ્ય હશે. આપણી સંસ્કૃતિને અનુરૂપ રાજ્યસંસ્થાએ ચાલવું પડશે. તેને અર્થનીતિ-રાજનીતિના નામે માનવીય મૂલ્યોને હણવાનો અધિકાર નહીં મળે. માનવીય મૂલ્યોને હણનારા, મનુષ્યને એક બીજાની સાથે ઝઘડાવનારા, એક બીજાના શોષણનો માર્ગ બતાવનારાને દૂર કરવાના છે. આજના ભ્રષ્ટાચાર, શોષણ, અન્યાયના મૂળિયાં ચોક્કસ માળખાં અને વ્યવસ્થા તંત્રમાં છે. કેવળ માણસો જ બધા ખરાબ થઈ ગયા છે તેનું ન માનશો. ભ્રષ્ટાચારને પોષે તેવું આર્થિક-રાજકીય માળખું ન હોત તો આજની શરમજનક, ખેદજનક અવસ્થા ન હોત. તમે કેવળ મનુષ્યને ચારિત્ર્ય અને નીતિનો ઉપદેશ આપીને સમાજપરિવર્તન નહીં કરી શકો.

તેઓને સમજાવવું પડશે કે પરસ્પર શોષણ કરનારી નીતિ પછી ભલેને ઉદારીકરણની, વૈશ્વિકરણની નીતિ હોય તેનો સ્વીકાર નહીં કરીએ. આ કહેવાની નૈતિક ધીરજ, સમજની વિશદતા આપણે પાંચ લાખ ગામડાંઓમાં; ઓછામાં ઓછું ગુજરાતમાં જગવવી પડશે.

પછી ખેતીનું શોષણ ઉદ્યોગવાળા નહીં કરી શકે. આ દેશમાં ખેતી ભારતીય અર્થનીતિ-અર્થતંત્રની જીવન આધાર હોવી જોઈએ. બાપુ કહેતા કે ખેતી એ ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ છે. આજે ખેતી કયાં છે ? ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે. ગામમાં ખેતીનો નિર્વાહ થતો નથી માટે છોકરાઓને હીરા ઘસવા મોકલે છે. એ ભૂમિપુત્ર જે ઋષિસંસ્કૃતિનો રક્ષક હતો તે આજે દીન-હીન છે અને સરકાર ખેતી માટે જે કંઈ પણ કરે છે તેમાં તેને ઉદ્યોગપતિઓની લાચારી હેઠળ મૂકે છે. પાંચ લાખ ગામડાંઓને જગાડવા-જીવાડવા એ રાષ્ટ્રીય એકતાને જીવાડવાનો અમોઘ ઉપાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આપણું સદ્‌ભાગ્ય છે કે ચાલીસ વર્ષોમાં ગામડાં ભાંગવા લાગ્યા, પરંતુ નષ્ટ નથી થયા. સરકાર અને રાજનીતિજ્ઞો પોતાની પશ્ચિમાભિમુખ વૃત્તિ-બુદ્ધિ અને શિક્ષણને કારણે સમજતા નથી. ગામડાંઓ બરબાદ થઈ રહ્યા છે. ચાલીસ વર્ષોમાં ગામોમાં કૂવા થઈ શકયા હોત - ચેકડેમ થઈ શકયા હોત. જળ સંગ્રહ અને જમીન સંરક્ષણના ઉપાય થઈ શકયા હોત. તો આજે આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ અને વિશ્વબેન્ક પાસે ભીખ ન માગવી પડત.

રાષ્ટ્રીય એકતા માટે પાંચ લાખ ગામડાંઓને જીવાડવા એટલે ? તેની ખેતી નુકશાનમાં ન જાય તે જોવું. આધુનિક વિજ્ઞાન-ટેક્‌નોલોજી બધું લઈ જાઓ અને પોતાનો પુરુષાર્થ લઈ જાઓ. આજે ગામમાં કુંભાર, મોચી, ઘાંચી, માળી કોઈ વ્યવસાયિકો નથી જીવી શકતા. હું નથી કહેતી કે જૂના માળખાંને લઈને બેસો. તેમાં તમારે વિજ્ઞાન લાવવું હોય તો લઈ આવો. ચોખા-ઘઉં ઉગાડનારને મિલમાંથી ખરીદવું પડે એ કેવી પરાધિનતા છે ? એક તરફ પરાધિન કરતા જાઓ અને બીજી તરફ કહો કે સ્વાધીનતા આપીશું ! હું વિજ્ઞાન, યંત્રો કે ટેક્‌નોલોજીની વિરોધી નથી. ગામડાંમાં ખેતી, પશુપાલન, ગ્રામોદ્યોગનું ગામ આર્થિક કેન્દ્રં કેમ ન બને ? મિત્રો, આપની સામે ઘણા પડકારો છે. આપણે દેશ તરીકે એક આંતરવિરોધથી તૂટેલા છીએ.

શહેરોમાં બોલીશ તો કહેશે કે તમે અર્થશાસ્ત્ર શું જાણો ? તમારે અર્થનીતિ-રાજનીતિની વાતો ન કરવી જોઈએ. સંસ્કૃતિ જીવશે તો રાષ્ટ્રીય એકતા જીવશે. કેમકે રાષ્ટ્રીય એકતા સાંસ્કૃતિક છે. આર્થિક ઉત્પાદનોનું કેન્દ્રીકરણ, વિકેન્દ્રીકરણ રાષ્ટ્રીય એકતા નહીં જીવાડે. રાજ્યને-સરકારને જીવાડવાં એક વાત છે રાષ્ટ્રને-જનતાને જીવાડવી તદ્‌ન અલગ વાત છે. તમારો અને મારો સંબંધ જનતા સાથે છે.

અહીંયા હિંદુ, મુસલમાન, શીખ, બૌદ્ધ, જૈન, ચાર્વાક, મોંગોલ, દ્રવિડિયન, આર્ય લોકો આવ્યા. અલગ અલગ સંસ્કૃતિના લોકો આવ્યા. ભારતીય સંસ્કૃતિ સહજીવનનું વિજ્ઞાન છે, કળા છે ! ભિન્નતાને આ દેશના લોકોએ જીવી બતાવી છે. એકસૂત્રતાને આ દેશના નિરીક્ષર લોકોએ જાળવી રાખી છે. આજે તેની સુગંધ માટીમાં દબાઈ ગઈ છે. તમારા વિશ્વવિદ્યાલયોમાં તે નહીં મળે. શહેરોમાં કદાચ તેની ખબર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નહીં પડતી હોય. પરંતુ ગામડાંઓમાં રાષ્ટ્રની નાડીનો ધબકાર છે. એટલે જ પત્રકાર પરિષદ, છાપાના અહેવાલો, મોટા-મોટા મિલનો દ્વારા આપણે કામ નથી કર્યું. આપણે તો માટીમાં ભળીને કામ કરવું છે. શુભ સંસ્કારોના સિંચનનું કામ કરવાનું છે. આપણી રાજનીતિ નથી; લોકનીતિ છે. કહો તો રાષ્ટ્રનીતિ, માનવનીતિ છે. આપણે સત્તાની રાજનીતિથી, પક્ષની રાજનીતિથી અલગ રહેવાનું છે. સહકારી સંસ્થાઓ પક્ષમુક્ત બને એ વિચાર પણ આપવાનો છે. ખેતી, પશુપાલન, ગ્રામોદ્યોગોને વિજ્ઞાન સંપન્ન બનાવવા છે. ગામડાંઓને સમૃદ્ધ બનાવવા છે. તમારી વાત શહેરના લોકોને વૈશ્વિકરણની વિરોધી લાગશે. પરંતુ જ્યારે એક તણખો ઊડે ત્યારે આગ ઠારવી. પૂરેપૂરા મકાનમાં આગ લાગે ત્યારે તમે ઠારી નહીં શકો. તમારી પાસે ગાંધીવાદ, સર્વોદયની વાત નથી કરી રહી, માનવોદયની વાત કરી રહી છું. મનુષ્યને અને માનવતાને જીવાડવાનો સવાલ છે. આમ, ગામડે-ગામડે ગ્રામજનો નેતૃત્વ માટે તૈયાર થાય. લોકનીતિ, લોકતંત્ર, લોકનેતૃત્વ.

આપણે લોકશિક્ષક છીએ, સંસ્કાર સંક્રમણનાં સાધકો છીએ. આપણે તો નિમિત્ત બનવાનું છે. સનાતન રાષ્ટ્રધર્મને વૈજ્ઞાનિક પરિભાષામાં રાખવાનો છે. હું કોઈ નવી વાત કરી રહી નથી. આ દેશ સનાતન છે. સત્યનો ઉદ્‌ઘોષ હજારો વર્ષો પહેલાં થઈ ચૂક્યો છે, તેને જીવવાનો આ અદ્યતન માર્ગ છે. તમે રાજ્યાશ્રિત, સત્તાઆશ્રિત, ધનઆશ્રિત પ્રચારકોની સામે કેવળ વિચાર સમજાવતા જાઓ તો પણ માનશે કે તમે પ્રવાહના વિરોધમાં છો. તો પણ ઊભા રહેજો. સત્યનું જીવવું અસત્યને ખટકે છે. બિરાદર જ્યાં-જ્યાં હોય ત્યાં લોકોની નજરમાં, આ રીતે ખટકવા લાગે તે ઈચ્છું છું. હું પણ ખટકું છું. પરંતુ હું સત્યમય છું એટલી મારી શક્તિ પ્રભુ કાયમ રાખે. **धर्मचर । स्वाध्याय प्रवचनाभ्याम् न प्रमदितव्यम् । એષ આદેશઃ । એષ ઉપદેશઃ ।** આ કરવા માટે નિર્ભયતા જોઈએ.

ઉદાહરણ માટે વ્યક્તિગત ઉલ્લેખ કરું છું, મારા પિતાજી એક ક્રાંતિકારી વ્યક્તિ હતા. કોઈ સંગઠન સાથે જોડાઈને ક્રાંતિ કરી ન હતી; તેઓ એક મૂક ક્રાંતિકારી હતા. શું ક્રાંતિ કરી તેઓએ ? ઋગ્વેદી બ્રાહ્મણકુળમાં જન્મ થયો હતો. ભણવાનું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પૂરું કરીને વકિલાત શરૂ કરી. તે વખતે તેમના હરિજન અસીલે સત્યનારાયણની પૂજામાં પ્રસાદી લેવા આમંત્રણ આપ્યું. તેઓ ગયા, અને જાતિબહિષ્કૃત કરવામાં આવ્યા. આ વાત મારાં જન્મ પહેલાની છે. અમને યાદ નથી કે મને કે મારા ભાઈઓને આકોલામાં કશેક ભોજન પર બોલાવવામાં આવ્યા હોય કે અમારા ઘેર કોઈ જ્ઞાતિજનો આવ્યા હોય. યજ્ઞોપવિત આપવા માટે કોઈ બ્રાહ્મણ ઘેર ન આવ્યા તો મારા પિતાજી સ્વયં બેસી ગયા, યજ્ઞોપવિત સંસ્કાર કરવા. મધ્યમવર્ગના ગૃહસ્થ માટે આ એક બહુ મોટી સજા હતી, પરંતુ મારા પિતાજીના મનમાં કદી પણ ફરિયાદ ન ઊઠી. અમારે ઘેર મુસલમાન, ખ્રિસ્તી, હરિજન બધા જ આવતા હતા અને બધા સાથે તેઓ બેસતા. ગૃહસ્થાશ્રમમાં રહીને પારિવારિક જીવનમાં રહીને સમાજ પરિવર્તનમાં તેઓ યોગદાન આપી શકયા. અમારું શિક્ષણ કરવા માટે ફોજદારી કેસ કદી ન લડયા. કહેતા હતા કે તમારું શિક્ષણ એ મારો વારસો છે. અમે અમારા મા ના શરીર પર કદી ઘરેણાં જોયા નથી. પિતાજી અવસાન પામ્યા તે દિવસે પણ પોતાના કપડાં જાતે ધોઈને સૂકવીને ગયા. પરિશ્રમ અને સ્વાવલંબનનું પરિમલ અમને નાનપણથી સુંઘવા મળ્યું છે. કોઈના ઘેરથી કશું માંગવું નહીં એવું અમને શિખવાડવામાં આવતું હતું. કોઈ એક સત્યાગ્રહમાં પિતાજી પંદર દિવસ માટે પકડાયા હતા. મા પણ ન હતા. મોટાભાઈ અને મારે ઘર સંભાળવાનું હતું. મારી ઉંમર એ વખતે કદાચ પાંચ વર્ષ રહી હશે. એ વખતે મીઠા વગર પંદર દિવસ ચલાવ્યું. નાનો ભાઈ રુએ તો અમે સમજાવતા કે માતા-પિતા કશું ન માંગવાનું કહીને ગયા છે. તેઓએ જે જીવ્યું છે તે પ્રમાણે આપણે જીવવાનું છે. અમારા માતા-પિતા સંતાનોમાંથી કોઈ જૂઠું બોલે તો એક દિવસનો ઉપવાસ કરતા. મારતા નહીં કે ક્રોધ ન કરતા.

મારા મિત્રો, પરિશ્રમમાં-સ્વાવલંબનમાં અભાવ એ અભાવ રહેતો નથી. એ ફકીરની ફકીરાઈ છે. એ ભૂખ ભૂખ નથી રહેતી ઉપવાસ બની જાય છે. જીવનમૂલ્યોને જીવતાં-જીવતાં નિર્ભયતા આવે છે. તકલીફોને ફરિયાદ ન બનાવો, કેમ કે તમે નવો રસ્તો બનાવવા જઈ રહ્યા છો. ખેડૂત જ્યારે હળ ચલાવે છે ત્યારે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વચ્ચે પથ્થરો પણ આવતા હશે. પણ ખેડૂત હળ ચલાવવાનું છોડતો નથી. તમારો વિરોધ કરવાવાળા મળી જાય; વાતોમાં ભડકાવનારા મળી જાય તો પણ આપણે ભડકી ઊઠવાનું નથી.

નિર્ભયતાની સાથે સહિષ્ણુતા કેવી રીતે આવશે ? આ માટેનું માનસિક બળ ક્યાંથી આવશે ? વિચાર કરો, આ વિશ્વ મનુષ્યએ નથી બનાવ્યું, એ તો સ્વયંભૂ છે; સ્વયં સિદ્ધ છે. અધ્યાત્મ વગેરે શબ્દોને બાજુ પર મૂકી પોતાને એક સવાલ પૂછો કે આ વિશ્વ કોણે બનાવ્યું ? કોઈ પરમાત્મ શક્તિએ - ચૈતન્યશક્તિએ બનાવ્યું છે ? માની લો કે આ સ્વયંભૂ, સ્વયંસિદ્ધ, સ્વયંસંચાલિત બ્રહ્માંડ છે. તો એમાં વ્યવસ્થા ક્યાંથી આવી ? તેનાં પરસ્પર વિરોધી પંચમહાભૂત એકબીજા સાથે સંવાદી બનીને સહયોગ કેવી રીતે કરે છે ? એનો અર્થ એ થયો કે કોઈ વ્યવસ્થા છે. આ સંવાદ, સહયોગ, લય, આ સુસંબધ્ધતા, આંતરિક એકતા પાછળ કોઈ ચાલકબળ તો હશે. વ્યક્તિ નહીં, પરંતુ એવી સત્તાની કોઈ શક્તિ કે જેમાંથી આ બ્રહ્માંડ ઉદ્‌ભવ્યું. માનવનિર્મિત સમાજમાં તમે રહો છો તેવી રીતે અત્યંત પ્રજ્ઞાશીલ ઊર્જાઓનાં બ્રહ્માંડમાં પણ રહો છો. તેમાં જે વ્યવસ્થા છે તે માનવનિર્મિત નથી. તે કોઈ સિદ્ધાંતો પર આધારિત નથી. તેની સુસંબધ્ધતા તમે કોમ્પ્યુટરમાં જન્માવી શકો છો-તેવા આંતરિક જોડાણવાળી સુસંબધ્ધતા નથી. તે એક સંપૂર્ણ સુસંબધ્ધતા છે. એકબીજા સાથે સહયોગ કરનાર, લયબધ્ધ રીતે ગોઠવાયેલું વિશ્વ છે. આ વિશ્વનાં નિર્માણ પાછળ પ્રજ્ઞાની ઊર્જા છે તેવી તમારી શ્રદ્ધા હોય, જોવાનું-સમજવાનું હોય **તો તમને** ભય નહીં લાગે. કારણ કે પછી તમે સહયોગનાં, સંવાદના પક્ષમાં છો. **સત્યના** પક્ષમાં જ્યાં હશો ત્યાં તમારા હિતની મદદ કરવાવાળા આવશે. તમને પ્રિય હશે તે મળશે તેવું હું નથી કહેતી. પરંતુ તમારા હિતની રક્ષા થશે. સખ્ય-સહયોગની વાત અભય અને નિર્ભય સાધકોની જમાત જ કરી શકે. જેના ચિત્તમાં ડર છે, દ્વિધા છે તે નહીં કરી શકે. સ્વતંત્રતાના સંગ્રામમાં લાઠી ખાવી પડી હતી; જેલમાં જવું પડયું હતું, ગોળીઓના ભોગ બનવું પડયું હતું તેવું તમારે ન કરવું પડે. પરંતુ આ તો સાંસ્કૃતિક સ્વાધીનતાનો સંગ્રામ છે ! આ સંગ્રામ શાંતિમય, લોકતાંત્રિક,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સહયોગાત્મક અને સખ્યમય છે પરંતુ છે તો સંસ્કૃતિઓનો સંઘર્ષ. આ વાત ભવિષ્યના શિલ્પી એવા યુવકોને ન કહું તો કોને કહું ?

તમે ગણતાં ગણાય નહીં તેવી સમસ્યાઓનો ઉલ્લેખ કર્યો. એ વાત તો ઠીક છે પરંતુ સમગ્રતાની સભાનતા સાથેની વિગતો લેવાવી જોઈએ. નહીંતર વિગતોની વિશિષ્ટ સમસ્યાને હલ કરવામાં તમે રહી જશો. આપણું સર્વગ્રાહી, સર્વસમાવેશક, સાંસ્કૃતિક પરિવર્તન માટે શૈક્ષણિક અભિયાન છે. આપણે દેખાવ કરનારા, માત્ર પ્રયોગ કરનારા નથી. આપણે સ્વયં નવા માનવ સમાજનાં બીજ રોપવાનાં છે. નવા માનવસમાજનું વિજ્ઞાન હશે નવા સંબંધો અને સામાજિક માળખાંનો સમન્વય. આ વિજ્ઞાનની વાત લોકો પાસે કરવી છે. અત્યારે પરિસ્થિતિ અનુકૂળ છે. લોકો હારી-થાકી ગયા છે. આવા સમયે તેઓની પાસે જઈને વાત કરવી પડશે. અંધકારની ફરિયાદ ન કરો, નાનો શો દીવો પ્રગટાવો ! જો તમે દીપક બનશો તો પણ ઘણું મોટું કામ થશે. **श्रद्धामयो यौ पुरुषः । यो श्रद्धसः अेव सः ।** આવા શ્રદ્ધાવાન ચાલીસ-પચાસ યુવકો ઊભા થાઓ. તેઓને પ્રભુશ્રદ્ધાની સાથે આત્મશ્રદ્ધા અને માનવમાં વિશ્વાસ હોય. Faith in divine and trust in mankind.

તમારી જેટલી શક્તિ હોય તેટલું ઉપાડો. હું નથી ઈચ્છતી કે તમે જે લો તે ઉપાધિ બને. જેટલું સહજ હોય તે કરો. સહજતામાંથી ખીલેલાં જીવનપુષ્પથી ઘણો લાભ થશે. ક્રાંતિ કંઈ પીઠ પર વહેવાનો બોજ નથી. બહેનો ગરબા ઉપાડીને નિકળે છે તેવી છે આ ક્રાંતિ ! તમે નીચે દબાઈ જાઓ, સૂકાઈ જાઓ તેવું હું ઈચ્છતી નથી. માટે જ આયોજનની વાત કરી હતી. જીવનનું-દિવસનું આયોજન કરો. આટલો સમય આહાર-વિહાર માટે, સ્વાસ્થ્ય માટે - આટલા વર્ષમાં આટલા શિબિરો, પરિસંવાદો થઈ શકશે તેનું આયોજન કરો. પરિશ્રમ કરો; પ્રમાદ નહીં. કેવી નાજુક વાત છે જિંદગી જીવવી ! અરે, આ તો ગાત્રવિણા છે ! આ ગાત્રવિણાનાં સાજ પર તાર છેડવા પડે છે. પ્રમાદ નહીં અને બોજ પણ નહીં ! વચ્ચેનું સમતોલનું બિંદુ શોધવું પડશે. આગ્રહ પણ નહીં અને ઢીલાશ પણ નહીં. આત્માનુશાસિત જીવન જોઈએ. આંતર-બાહ્ય લચક હોવી જોઈએ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આમ, રાષ્ટ્ર સામે પહેલો પડકાર એ છે કે રાષ્ટ્રની વ્યાખ્યા કઈ છે ? રાષ્ટ્રીયતાનો આધાર શો છે ? રાજ્યાશ્રિત રાષ્ટ્રીયતા અભારતીય છે. રાષ્ટ્રાશ્રિત અને જનાશ્રિત રાજ્ય હશે રાજ્યાશ્રિત લોકો નહીં હોય. જનાશ્રિતથી મારો અર્થ છે ગ્રામાશ્રિત. લોકો પૂછશે કે ગામડાંઓને ગામડાં રાખવા છે ? હા, રાખવા છે; પરંતુ આજના જેવા દીન-હીન, લાચાર, ભીખારી નહીં, ગામમાંથી કૃષિ, ગ્રામોદ્યોગ, વિજ્ઞાન, ટેક્નોલોજી ઉખડી ન જાય. ખાદી-ગ્રામોદ્યોગનો પ્રયોગ અલ્પસફળ થયો છે. ગામડાંઓને નવા ઢંગથી પશુપાલન, ગ્રામોદ્યોગ ને વિજ્ઞાન અને ટેક્નોલોજીની મદદથી સંપન્ન-સમૃદ્ધ બનાવવા છે. ગામડાંઓને સમૃધ્ધ તમે નહીં, ગ્રામજનો બનાવશે, તમે મિત્ર બનશો, સહયોગી બનશો પરંતુ લોકશિક્ષણ માટે મુક્ત રહેશો.

◆

(તા. ૧૦-૦૪-૧૯૯૩, શનિવાર સવારનું પ્રવચન)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૩ લોકતાંત્રિક જીવનશૈલી

સેક્યુલર, બિનસાંપ્રદાયિક, ધર્મનિરપેક્ષ - આ શબ્દો માટે સંદર્ભ પશ્ચિમનાં દેશોમાં રહ્યો છે. ત્યાં બિનસાંપ્રદાયિક રાજ્ય હોય કે ધર્મ આધારિત રાજ્ય હોય તે ચર્ચા ઉપસ્થિત થઈ. લોકતંત્ર તો હંમેશા બિનસાંપ્રદાયિક હશે. બિનસાંપ્રદાયિક લોકશાહી એ શબ્દપ્રયોગ થોડો અપપ્રયોગ લાગે છે. લોકતંત્ર એક જીવનશૈલી છે. આ જીવનશૈલીમાં બિનસાંપ્રદાયિકતા સમાયેલી છે.

ક્રિશ્ચિયન દેશોમાં થોડા કેથોલિક રાજ્યો પ્રોટેસ્ટન્ટ રાજ્યો બન્યા. ક્રિશ્ચિયનોમાં પણ પ્રોટેસ્ટન્ટ, પ્રિસ્બીટેરિયન, યુનિટેરિયન, મેથોડીસ્ટ એવા અનેક સંપ્રદાયો છે. પછી એંગ્લિકન ચર્ચ બન્યું. રશિયન ઓર્થોડોકસ ચર્ચ બન્યું, રોમન કેથોલિક ચર્ચ બન્યું. ક્રમશઃ ધર્માધિષ્ઠિત રાજ્યો બનવા લાગ્યા. તેના દ્વારા શોષણ થવા લાગ્યું. કેથોલિક સંપ્રદાયમાં, તેનાં ક્રિયાકાંડોમાં, તેની માન્યતાઓ જે ન માને તેને જીવતાં સળગાવવામાં આવ્યા. યુરોપનો મધ્યયુગનો ઈતિહાસ જુઓ તો ખ્યાલ આવશે કે કેવા અમાનવીય અત્યાચારો થતાં હતાં. આ ધર્માધિષ્ઠિત રાજ્યો દ્વારા, તેની સરકારો દ્વારા, આ સંપ્રદાયોમાં ન માનનારા પર અત્યાચારો થતાં હતા. જનતાનું શોષણ થતું હતું.

તેના વિરોધમાં માર્કસ અને એંગલ્સ ઊભા થયા, ૧૮૪૦માં પેરિસમાં, ફ્રાન્સમાં. કાર્લ માર્કસનો 'ધ કેપિટલ' નામનો ગ્રંથ પ્રસિદ્ધ લંડનમાં થયો. તેણે કહ્યું કે, ધર્મ અફીણ છે. આ અફીણની ગોળીઓ ખવડાવી-ખવડાવીને દલિતોને-શ્રમિકોને માનસિક રીતે સૂવડાવી દેવામાં આવે છે. તો, સમાજવાદી-સામ્યવાદી સરકારો કેવી બનશે ? તે બનશે બિનસાંપ્રદાયિક રાજ્ય. આ છે ધર્માધિષ્ઠિત તથા બિનસાંપ્રદાયિક રાજ્યોની અવધારણાઓનો પૂર્વ ઈતિહાસ.

ભારતવર્ષને તેની આવશ્યકતા ન હતી. શું કહેવું જોઈએ ? ધર્માતીત અથવા સંપ્રદાયાતીત રાજ્ય સંસ્થા. જ્યારે તમે કહો છો કે બિનસાંપ્રદાયિક લોકતંત્ર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(સેક્યુલર ડેમોક્રસી) ત્યારે એક ભ્રમ ઊભો થાય છે કે જનતા પણ ધર્મને ન માને. એમ કહેવું જોઈએ કે રાજ્યસંસ્થા ધર્મનિરપેક્ષ રહેશે; જનતા ધર્મપ્રાણ રહેશે.

પ્રત્યેક ધર્મમાં ઉપાસનાના અલગ અલગ માર્ગો છે. મુસલમાનોમાં શિયા અને સુન્ની છે, સૂફી છે. જૈનોમાં શ્વેતાંબર-દિગમ્બર; સ્થાનકવાસી-દેરાવાસી, અણુવ્રતવાળા છે. બૌદ્ધોમાં મહાયાન-હીનયાન, થેરવાદી છે. શીખોમાં સંપ્રદાય છે. આ ઉપાસનાના અલગ-અલગ માર્ગો છે. તેને સંપ્રદાયો કહેવામાં આવ્યા.

તત્ત્વજ્ઞાનમાં - વિજ્ઞાનમાં પણ સંપ્રદાયો છે - schools of phylosophy, schools of science. તમે આઈન્સ્ટાઈનને, તેનાં સાપેક્ષવાદને માનો છો? ક્વોન્ટમ થીયરી, વેવ થિયરીમાં માનો છો? આ રીતે ભૌતિક વિજ્ઞાનમાં ઘણી બધી શાખાઓ-ઉપશાખાઓ છે. મનોવિજ્ઞાનમાં તમે ફ્રોઈડિયન છો - ફ્રોઈડનાં મનોવિજ્ઞાનમાં માનો છો, યુંગીયન છો - યુંગનાં મનોવિજ્ઞાનમાં માનો છો તેના રેશિયલ અનકોન્શિયસમાં માનો છો, એડલરને માનો છો - તેની ગેસ્ટાલ્ડ સાયકોલોજીમાં માનો છો. આ રીતે પદાર્થવિજ્ઞાનમાં, મનોવિજ્ઞાનમાં પણ સંપ્રદાયો બને છે. સંપ્રદાયમાં વિચારધારાનું એક પ્રકારનું સાતત્ય હોય છે. આ વિચારોને આચારમાં ક્રિયાન્વિત કરવાની પદ્ધતિનું સાતત્ય હોય છે.

યોગશાસ્ત્રમાં પણ ઘણા અલગ-અલગ સંપ્રદાયો છે, માર્ગો છે. હઠયોગ, રાજયોગ, લયયોગ, કર્મયોગ, નાદયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ, ધ્યાનયોગ વગેરે બાર પ્રકારનાં સંપ્રદાયો યોગશાસ્ત્રમાં છે.

સંપ્રદાય શબ્દનો અર્થ સમજી લેવો જોઈએ. પશ્ચિમમાં લોકો સમજે તેટલા જ અર્થ અને આશય સુધી સીમિત રહેવાની આપણે આવશ્યકતા નથી. આપણો સાંસ્કૃતિક વારસો બહુ જ વ્યાપક છે.

હવે, લોકતંત્રમાં રાજ્ય સંપ્રદાય નિરપેક્ષ રહે તેનો શો અર્થ થશે? તમે એક સારી વાત કરી કે લોકપ્રતિનિધિ સરકારમાં કોઈ પદ ધારણ કરે મુખ્યમંત્રી પ્રધાનમંત્રી બને તો હોદ્દાની રૂએ વિશિષ્ટ પ્રકારનાં ધર્મસ્થાનોમાં જઈને સમર્થન ન આપવું જોઈએ. વ્યક્તિનાં નાતે જઈ શકે છે. પરંતુ પદાધિકારીના નાતે નહીં.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સરકાર ધર્મનિરપેક્ષ રહેશે તેનો બીજો અર્થ એ પણ છે કે સરકારી વિદ્યાલય-છાત્રાલય જ્ઞાતિના આધાર પર નહીં હોય. તમે ખરેખર બિનસાંપ્રદાયિક સરકાર આ દેશમાં રાખવા માંગતા હો તો અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી અને બનારસ હિન્દુ યુનિવર્સિટી રહેશે ? ગણિત તો હિન્દુ-મુસ્લિમ નથી હોતું. ભૂગોળ, ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન કંઈ જૈન કે બૌદ્ધ નથી. એ તો સાર્વભૌમ શાસ્ત્રોના સિદ્ધાંતો છે.

વિદ્યાલયો, વિશ્વવિદ્યાલયો, છાત્રાલયો જ્ઞાતિનાં અને સંપ્રદાયનાં આધાર પર નહીં હોય તેવી નીતિ સરકારે નક્કી કરવી પડશે. જ્યાં જ્ઞાતિ આધારિત શિક્ષણ સંસ્થાઓ, છાત્રાલયો હોય તેને સરકારી ગ્રાન્ટ ન મળવી જોઈએ. જુઓ, ધર્મનિરપેક્ષ રાજ્યનો અર્થ કેટલો વ્યાપક અને ઊંડાણ ભરેલો થઈ શકે છે ! તમે ક્યાં સુધી જવા માંગો છો એ અલગ પ્રશ્ન છે.

બિનસાંપ્રદાયિક રાજ્યનો આશય એ પણ છે કે ન્યાયપદ્ધતિ બધા નાગરિકો માટે સમાન પ્રકારની હશે. સિવિલ કોડ બધા માટે એક જ હશે. ન્યાયપાલિકાના નિર્ણય આગળ તમે મનુસ્મૃતિ, શરિયત, બાઈબલ કંઈ જ નહીં લાવી શકો. જુદા-જુદા સંપ્રદાયો, જ્ઞાતિઓ પોતાની જગ્યાએ રહેશે. તેઓનાં મંદિર-મસ્જિદ-દેરાસર હશે. તેઓનાં ઉત્સવો હશે. પરંતુ નાગરિકો માટે એક સમાનં કાનૂન હશે. હું આશા કરું છું કે, વિધાનસભાઓ, લોકસભા અને રાષ્ટ્રીય એકતા પરિષદ્ ઓછામાં ઓછું હવે તો આ વાતની ગંભીરતા સમજે. રાષ્ટ્રીય સ્તરની વિશદ ચર્ચા જગ્યાએ-જગ્યાએ કરી લોકોને સમજાવે તો બિનસાંપ્રદાયિકતાનાં નામથી જે ભય ઉત્પન્ન થયો છે તે જતો રહેશે.

ખરેખર બિનસાંપ્રદાયિક રાજ્ય આપણે ઈચ્છતા હોઈએ તો આ દેશમાં કોઈને કોઈનો ધર્મપરિવર્તન કરાવવાનો અધિકાર નહીં રહે. વ્યક્તિ પોતે ઈચ્છતી હોય તો તેને અધિકાર રહેશે. પરંતુ સામુદાયિક રીતે - ઉત્સવ કરીને ધર્મપરિવર્તન ન થઈ શકે. હું માનું છું કે બંધારણના આર્ટીકલ ૧૯ અને ૨૬ - મૂળભૂત સ્વાતંત્ર્ય અને મૂળભૂત હક્ક - ને નવો ઘાટ આપવો પડશે. ધર્મને જાળવવા, વ્યક્ત કરવા, ઉજવવા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સુધી મૂળભૂત અધિકાર અને સ્વાધીનતા જઈ શકે છે. પરંતુ ધાર્મિક પ્રસારને મૂળભૂત અધિકાર તરીકે બંધારણમાં રાખો છો ત્યાં સુધી બિનસાંપ્રદાયિક રાજ્ય નહીં બની શકે. પ્રસારથી પરિવર્તન કરાવવા સુધી લોકો પહોંચી જાય છે. આ દેશમાં લોકો ખરાબ છે, ઝઘડા કરે છે એવું મને લાગતું નથી. આપણે બિનસાંપ્રદાયિકતાનો અર્થ જ લોકોને સમજાવ્યો નથી. આવી જ રીતે લોકતંત્રનો અર્થ સમજાવ્યો નથી. અર્થ સમજાવવામાં ન આવ્યો તેથી જ તો ૭૨ વર્ષ સામ્યવાદી દેશ રહેવા છતાં સોવિયેટ યુનિયનમાં સામ્યવાદી સામ્રાજ્ય જેવું તૂટી પડયું કે ત્યાંના લોકો વંશીય ઓળખાણ માટે લડી રહ્યા છે. યુગોસ્લાવિયામાં શું થઈ રહ્યું છે ? ચેકોસ્લોવાકિયાની કેવી દુર્ગતિ થઈ છે ? ઇઝરાયલ અને પેલેસ્ટાઈન વચ્ચે શું ચાલી રહ્યું છે ? અર્થ એટલો જ છે કે માણસે વિચાર્યું નથી. શબ્દોને પકડી લીધા છે. તેનો અર્થ પકડીને તેને રાજનીતિ, અર્થનીતિ, સામાજિક જીવન, શિક્ષણમાં કઈ રીતે લાગુ કરવો તેના પર ગંભીરતાથી વિચાર્યું નથી.

જનતાને લોકતાંત્રિક જીવનપદ્ધતિ આપી પુખ્ત મતાધિકાર આપ્યા તેની સાથે જિજ્ઞાસા ઊભી થઈ; અધિકારોનું ભાન જાગૃત થયું. શબ્દોનો અર્થ ખબર નહીં હોય તો એક અર્થ પકડીને જનતાને ભડકાવીને, પોતાની પાછળ લઈ જશે તેનું કામ થઈ જશે.

તમે બિનસાંપ્રદાયિક રાજ્યસંસ્થાનો અર્થ ખૂબ સારી રીતે સમજી લો. તેમાં તમને એમ. એન. રોય, ડૉ. રામમનોહર લોહિયા, જયપ્રકાશ નારાયણ, આચાર્ય નરેન્દ્રદેવનાં ગ્રંથો મદદ કરશે. અહીં તમને બે-ચાર નામો બતાવી રહી છું. તમે જરા અધ્યયન કરો. માનવીય મૂલ્યો પર આધારિત લોકતંત્રની વાત એમ. એન. રોયે ઘણા વર્ષો પહેલાં કહી રાખી છે.

ભારતવર્ષમાં પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા અને સંગઠિત સંસ્થાગત ધર્મસંપ્રદાયો પ્રત્યે વિશ્વાસ ઘણો ઊંડો છે. તમે ગુરુગ્રંથસાહેબ, જપુજી, સુખમણીસાહેબ વાંચો. ભારતભરનાં સંતોની વાણીમાં, વેદો અને ઉપનિષદોનું દર્શન અત્યંત સરળ ભાષામાં જોવા મળે છે. કાશ્મીરમાં લલ્લેશ્વરી છે. નાનકશા- કબીર તો છે જ. બંગ પ્રદેશમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચૈતન્ય મહાપ્રભુ છે. ઘાસના તણખલાથી પણ વધુ નમ્રતા આવે અને પળભર માટે પ્રભુસત્તા સાથેનું અનુસંધાન ન છૂટે તે ભક્ત છે એવું ચૈતન્ય મહાપ્રભુએ કહ્યું. એક મહાન ઉડિયા ભક્ત થયા. તેણે ભાગવત પર લખ્યું છે. તામિલનાડુમાં કમ્બરામાયણ કમ્બે લખ્યું છે. ત્યાગરાજના ભજનો જુઓ, સુબ્રમણ્યમ ભારતીયારની રચનાઓ જૂઓ. આંડાલ-પુરંદરજીની રચના જૂઓ. મહારાષ્ટ્ર-ગુજરાતનાં સંત વાઙ્મયનો ઉલ્લેખ કરવાની તો જરૂર જ નથી.

આ સંતસાહિત્ય, વેદ-ઉપનિષદોની વચ્ચે આવી ગયો પૌરાણિક વિશ્વાસ. પુરાણોને કારણે આવેલી પૌરાણિક માન્યતાઓ, ક્રિયાકાંડોને કારણે આવેલી માન્યતાઓ, અંધવિશ્વાસ વચ્ચે ઘૂસી ગયા.

કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ.

બાહ્ય ક્રિયામાં રાચતા, આંતરભેદ ન કાંઈ;
જ્ઞાનમાર્ગ નિષેધતાં, તેહ ક્રિયા જડ આંઈ.

મંદિરમાં જવું એ જ ધર્મ મનાયો. ક્રિયાકાંડમાં બાહ્યરૂપને કરવાનું છે એવું મનાયું. કઈ પ્રક્રિયા પાછળ ક્યો સંકેત છે તે જનતાને કોઈએ બતાવ્યું નથી. મંદિર શું છે, વિગ્રહ શું છે, પૂજા-અર્ચનાનો શો અર્થ છે તે કોઈએ સમજાવ્યું નથી. જ્યાં અજ્ઞાન હોય ત્યાં આગ્રહ હોય છે જ્યાં સમજ કાચી હોય ત્યાં અહંકાર વધુ હોય છે.

'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.' આ સ્વરૂપનું અજ્ઞાન મનુષ્યનાં જીવનમાં દુઃખનું કારણ બને છે. મિત્રો, ધર્મ અને સંપ્રદાયનાં નામે તમે જેને ઝનૂન કહો છો એ તો કરુણાનો વિષય છે. લોકોને ખબર નથી કે તેને ભડકાવવામાં આવ્યા છે.

હવે બીજી બાજુ જૂઓ. લોકતંત્રમાં લોકોનું અનેક રીતે શોષણ થયું છે. લોકોની સાંપ્રદાયિક ભાવનાનું, લોકોનાં વિશ્વાસનું શોષણ થયું છે. જે પ્રતિનિધિ બનીને જાય છે તેને પ્રતિનિધિત્વનો અર્થ ખબર નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લોકતંત્રના બે સ્વરૂપો છે. એક હદ સુધી પ્રત્યક્ષ લોકતંત્ર રહેશે. ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયતોમાં સન્મુખ વ્યવસ્થા રહેશે. ત્યાં લોકોનું, લોકો વડે, લોકો માટે ચાલતી સરકારનું સ્વરૂપ ચરિતાર્થ કરી શકાય છે.

પરંતુ આટલા વિશાળ દેશમાં પ્રત્યક્ષ લોકતંત્ર સમગ્ર દેશમાં ન ચાલી શકે. વિધાનસભા અને લોકસભા અપ્રત્યક્ષ છે. Direct democracy and indirect democracy have to be blanded togather in a geographically vast country like India. બહુજ્ઞાતિય, બહુધાર્મિક, બહુભાષી દેશમાં રાજ્યસંસ્થાનું બિનસાંપ્રદાયિક હોવું અનિવાર્ય છે. આટલા વિશાળ દેશમાં આ બંનેનું મિશ્રણ થવું જોઈશે. ગ્રામસ્વરાજ્યનો, ગ્રામ પંચાયતનો બંધારણમાં કોઈ ઉલ્લેખ નથી. પંચવર્ષિય યોજવા કરવાવાળું પંચ બેસે છે તે અહીં-તહીં થોડું આપી દે છે. પરંતુ પૂરું બંધારણ તમે વાંચી જાઓ, તમને ગામડાંનું નામ નહીં મળે. અપ્રત્યક્ષ પ્રતિનિધિઓને ચૂંટવા પડે છે. આ માટે શું શું કરવું જોઈએ, કેવા પ્રકારની યોગ્યતા મેળવવી જોઈએ તેનો કોઈ વિચાર કરતું નથી.

મારી એક મિત્ર ટ્રેઈનમાં જઈ રહી હતી. તે ટ્રેઈનમાં એક ધારાસભ્ય સાહેબ પણ બેઠા હતા. ટિકિટ તપાસવા આવ્યા તો તેઓએ પાસ બતાવ્યો. ટિકિટ તપાસનારે કહ્યું કે સાહેબ પાસ જૂનો થઈ ગયો છે, રીન્યુ કરવો પડશે. તો તે સાહેબ કહે, રીન્યુ? રીન્યુ શેને કહે છે?! તેઓને ખબર ન હતી કે રીન્યુ શું છે! બીજું ઉદાહરણ કહું. અહીં એક એસ.ડી.એમ.ની ઓફિસ છે. એક દિવસ કોઈ અરજદાર સરકારમાં અરજી આપવા આવ્યા. પેલા સાહેબના લેટરપેડ પર સેક્રેટરીએ કશુંક ટાઈપ કરી રાખ્યું હશે. સાહેબને કહેવામાં આવ્યું કે તમારે આ લેટરપેડ પર સહી કરવાની છે. તો કહે કે ઉપર મારું નામ તો છાપ્યું છે પછી નીચે સહી કરવાની શી જરૂર છે?!

લોકતંત્ર શબ્દ બોલવામાં બહુ જ સરળ છે પરંતુ તેને અસ્તિત્વમાં લાવવા માટે વિધાયક પુરષાર્થની આવશ્યકતા છે. જ્યાંથી લોકપ્રતિનિધિઓ ઊભા રહેવા ઈચ્છતા હોય તે પ્રદેશમાં ત્રણ-ચાર માસનો તેઓ માટે તાલીમ કોર્સ હોવો જોઈએ. પ્રતિનિધિઓને ખબર પણ પડે કે ત્યાં જઈને શું કરવાનું છે, એજન્ડા કેવી રીતે વંચાય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે, સંવિધાનની કલમો કેવી રીતે જોવાય છે. આજે દેશની દયાજનક-શરમજનક પરિસ્થિતિનું એક કારણ આ અભાવ પણ છે. બિનસાંપ્રદાયિક લોકતંત્ર ધરતી પર આવવું જોઈએ. જે છે તેની નિંદા કરવાને બદલે જે નથી તે કેવી રીતે લાવી શકાય તે વિચારીએ.

અત્યારે તો લાયકાતની કોઈ જ જરૂર માનવામાં નથી આવતી. એક બહુ જ મોટા નિવૃત્ત અધિકારી મળવા આવ્યા હતા. કહે કે બહેનજી, ડેમોક્રસી વગેરે કંઈ જ છે જ નહીં, બ્યુરોક્રસી છે બ્યુરોક્રસી ! મેં કહ્યું, હા, એ તો ખબર છે. આગળ કહેવા લાગ્યા કેમ તે ખબર છે ? લોકો પ્રતિનિધિ બનીને ત્યાં જઈને બેસે છે; મંત્રીમંડળ સુધી જાય છે. તેઓને કશી જ ખબર નથી - તેઓ વ્યવસ્થાનો કક્કો પણ જાણતા નથી.

શાસન કરવું એ કાંઈ મામૂલી વાત છે ? જે રીતે એક ન્યાયાધિશની તટસ્થતા હોય છે તેવી રીતે એક પ્રશાસનની પણ તટસ્થતા હોવી જોઈએ; ગરિમા-ગૌરવ હોવા જોઈએ. આ બધું શિખવવામાં નથી આવ્યું. આ અંગેનો તાલીમ કોર્સ વિચારવામાં આવે તો બિનસાંપ્રદાયિક લોકતંત્રના મૂળ જમીનમાં જશે.

આ સંપ્રદાય ભિન્નતા, ભાષા-વિચાર ભિન્નતા, સંસ્કાર ભિન્નતાને રોલર લાવીને સમાપ્ત નહીં કરી શકાય. એકતા એટલે એકસરખાપણું નહીં. ભિન્નતા તો રહેશે. ભાષામાં, પહેરવેશમાં, આહાર-વિહારમાં વિવિધતા-વિલક્ષણતા ભારતીય જીવનનું ઐશ્વર્ય છે. આ ભિન્નતામાં સંવાદ, સમન્વય થવા જોઈએ.

સમગ્ર દેશની વાત તમે છોડી દો. ગુજરાતમાં તમે બેઠા છો ત્યાંના જનજીવનમાં સંકીર્ણતા દૂર કરવા જનતા સુધી વાત પહોંચાડવી જોઈએ. કયાં સુધી કહેતા રહેશો કે રાજનીતિક નેતા ભડકાવે છે ? તમને મતદાનનો અધિકાર મળ્યો છે. મતાધિકાર બહુ જ પવિત્ર વસ્તુ છે. સતીના પાતિવ્રત્ય જેવું છે. મત કોઈને વેંચીશું નહીં, લૂંટવા નહીં દઈએ.

લોકોને કહેવું પડશે કે બીજાઓ આવીને ઠગે છે, અમારા મત લૂંટીને લઈ જાય છે, એ ભાષા છોડી દો. સર્વોચ્ચ કાયદાકીય સત્તા દિલ્હીમાં છે પરંતુ સર્વોચ્ચ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રાજકીય સત્તા ગામડાંઓમાં છે. તમે કહેશો કે સામાન્ય માણસ ગરીબ છે, ભૂખ્યો છે, વસ્ત્રવિહીન છે. બાપુ જ્યારે ૧૯૧૬માં ભારત આવ્યા ત્યારે આવા લોકો ન હતા ? આટલા મોટા બ્રિટિશરાજ સામે ઝઝૂમવાની શક્તિ આ ખાલી હાથવાળા લોકોમાં જ જગાડી.

ગામડાંના લોકોને બિચારા ન બનવા દો. તેઓને પોતાની આર્થિક સ્વાધિનતા લેવી છે આ માટે તેઓને જાગૃત કરવા પડશે. અહીં ગુજરાતના સત્તર જિલ્લાઓમાંથી આવેલા ખેડૂતોનો શિબિર હતો. મેં તેઓને કહ્યું કે, તમે રાજકીય પક્ષોના હાથા ન બનશો. બિચારા, લાચાર, હતાશ ન બનશો. રાજકીય પક્ષો ભડકાવે છે તે કહેવું હવે બહુ થઈ ગયું ! આ દેશ કેવો હશે ? બિનસાંપ્રદાયિક રાજ્ય અને ધર્મપ્રાણ જનતા. ધાર્મિક ભિન્નતામાં સહજીવન અને સંવાદ. જનતા જાગૃત હશે. આટલું આપણા કહેવાથી થશે એવા ભ્રમમાં ન રહેશો. આપણે તો સર્વધર્મપાલન કરીએ. મોટા શહેરોમાં સુરક્ષા છે, રોજગારી મળશે એ ભ્રમ પણ હવે તૂટવાનો છે. માટે ગ્રામસ્વજ્યને ચરિતાર્થ કર્યા વગર, ગામનું નવિનીકરણ કર્યા વગર કોઈ અન્ય માર્ગ નથી.

માની લઈએ કે લઘુમતીનો કોમવાદ નુકશાન કરે છે. તો જ્યારે બહુમતિનું થશે ત્યારે ? પંદર કરોડ મુસલમાન આ દેશ છોડીને જવાના નથી. તેઓને આ દેશમાંથી કોઈ કાઢી શકવાનું નથી. તેઓને બીજા દરજ્જાના નાગરિક બનાવી નહીં શકાય. અહીં ક્રિશ્ચિયન રહેશે, મુસલમાન રહેશે, પારસીઓ તો દૂધમાં સાકરની જેમ ભળી ગયા છે ! આપણે બધાએ સાથે જીવવાનું છે. આ વાતને સમજી લઈએ તો વૈચારિક સફાઈ આવી શકે.

આપણે જીવનસાધકોની જમાત છીએ. વધારેમાં વધારે શું કરી શકીએ ? આપણી વાત સમજાવીએ. આપણા ઘર-પરિવારમાં, ખાનપાનમાં, સામાજિક સમ્બન્ધોમાં કોઈ પ્રકારની વિષમતા ન હોય. સાવધાની ન રાખો એવું તો કોઈ નથી કહેતું. સજ્જન ગાફેલ રહે તો ઘણું નુકશાન થઈ શકે છે. સજ્જનનો અર્થ ભોટ રહો, ગાફેલ રહો, તેવો નથી. સજ્જનો ચતુર હોવા જોઈએ. ધૂર્ત નહીં, કુશળ-સાવધાન હોવા જોઈએ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ માટે પ્રજાપ્રહરી દળની વાત કરી હતી. ગામડે-ગામડે યુવકોનું દળ બને. ગામમાં વિશ્વાસનું વાતાવરણ બને. બહેનોનાં, ગામલોકોનાં મનમાં થાય કે આ યુવકો છે તો ગામને ભય નથી.

તમારા જીવનવ્યવહારમાં મૂલ્યો આવી જાય. આવા ચાલીસ-પચાસ દીવડાઓ ગુજરાતમાં ફરવા માંડે તો પણ પૂરતું છે. તમારું જીવવાનું વ્યક્તિગત જીવનથી શરૂ કરો. પછી તમારી આસપાસ એક વર્તુળ બનશે.

આ સંઘર્ષનું વાતાવરણ, પરસ્પર દ્વેષ-નફરતનું વાતાવરણ કાલે શાંત થઈ જશે એવી ખોટી આશા આપણે ન રાખી શકીએ. ચાલીસ વર્ષોથી બધા પોતપોતાના ક્ષેત્રોમાં કરતા આવ્યા છે તેનું સામૂહિક પરિણામ આપણી નજર સામે છે. તેઓથી પસાર થવું પડશે. જો દિશા નિશ્ચિત હોય, ચાલનારા કદમો મજબૂત હોય, દ્રષ્ટિ સાફ હોય, ચિત્ત નિભ્રાંત હોય તો આ અંધકારમય પર્વમાંથી નિકળી શકાય, નિકળી જવાશે.

◆

(તા. ૧૦-૦૪-૧૯૯૩, શનિવાર બપોરનું પ્રવચન)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૪ આત્મશક્તિ દ્વારા સમાજ પરિવર્તન

આજે મને એક નાની શી ચિઠ્ઠી મળી છે, કે આત્મશક્તિ દ્વારા સમાજ પરિવર્તન થશે, બાકી બધી શક્તિઓ નિષ્ફળ થઈ ચૂકી છે તેવું આપ કહો છો તે અંગે કહો. એ આત્મશક્તિ અમારામાં કેવી રીતે જાગૃત થાય એ અંગે પણ કંઈક કહો.

પહેલા તો ગઈકાલની વાત યાદ કરીએ. શું આપણે કદી પોતાને પ્રશ્ન પૂછયો છે કે આ જે વિશ્વ છે, બ્રહ્માંડ છે, તે મનુષ્યએ બનાવેલું નથી. તે કોઈ સત્તા અને શક્તિને કારણે પ્રગટ થયું છે. તે જે સત્તા છે તેને પરમની દ્રષ્ટિથી કહો તો પરમાત્મા કહે છે, પોતાની અંદર નજર કરીને જોઈએ તો તેને આત્મસત્તા કહે છે. સૌથી પહેલા 'બિરાદરી'ના યુવકોને નિરીક્ષણથી પ્રતીતિ થવી જોઈએ કે આત્મસત્તા છે, પરમાત્મા સત્તા છે. જીવન કોઈ અકસ્માત નથી અને પંચમહાભૂતોનો એક સમૂહ નથી. તેની પોતાની એક સત્તા છે. Life has beingness. Life is being.

અત્યારે પશ્ચિમમાં વૈજ્ઞાનિકો માંડ માંડ અહીં સુધી પહોંચ્યા છે કે Earth is being. જેને પૃથ્વી કહો છો તેમાં સજીવતા છે, સપ્રાણતા છે. તેનું પોતાનું અસ્તિત્વ છે, તેની પોતાની કાર્યશૈલી છે. ધરતીની છે, આકાશની છે, સૌર મંડળોની છે, ચાંદ્ર મંડળોની છે. જે માનવ નિર્મિત નથી તે નિસર્ગનું, વિશ્વનું થોડું નિરીક્ષણ કરીએ. જે પરમાત્મ સત્તા છે, જીવનનું હોવાપણું છે તેના પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ ચિત્તમાં જાગૃત થવો જોઈએ. જીવન એક સ્વતંત્ર, સ્વાધીન, સ્વયંભૂ, સ્વચાલિત સત્તા છે. આ વાત જેની સમજમાં આવી જાય, ચિત્તમાં તેની પ્રતીતિ દ્રઢ થઈ જાય, શ્રદ્ધા બેસી જાય તેને હું આસ્તિક કહું છું. આસ્તિક શબ્દને મંદિર, મસ્જિદ, દેરાસર, ગિરિજાઘર સાથે ન જોડશો. આ પરમાત્મસત્તામાં, જીવનની સંજીવની શક્તિમાં, આત્મસત્તામાં તમારી શ્રદ્ધા હોવી જોઈએ ત્યારે શક્તિ જાગૃત થશે. આ સત્તા છે કે નહીં તેવો સંશય જો તમારા ચિત્તમાં હોય તો વિજ્ઞાન અને આત્મવિજ્ઞાનના જે આધુનિક ગ્રંથ ઉપલબ્ધ હોય તેને જરા જોઈ જજો. ડેવિડ બોમને વાંચો, ફ્રિત્ઝોફકાપ્રા, શ્રોડિંગરને વાંચો.. વૈજ્ઞાનિકોના ગ્રંથો જૂઓ. આત્મવિજ્ઞાનને તમે આધુનિક ભાષામાં વાંચવા ઈચ્છો તો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શરૂઆત કરો વિવેકાનંદજીથી. રામતીર્થજી, શ્રી અરવિંદ, મહર્ષિ રમણ, સંત વિનોબાજી, સાહિત્ય જ સાહિત્ય છે. એક વખત પ્રતીતિ થવા દો. પ્રતીતિ વગર જાગૃતિ નથી. જ્યારે તમને પ્રતીતિ થશે કે આ દેહ, આ મન, આ પ્રાણ, આ ઈન્દ્રિયો અને એ બધાનું હલન ચલન કરવાવાળી ઊર્જા કંઈક અલગ જ છે. જૈવિક માળખું, ભૌતિક માળખું છે. જૈવિક શક્તિઓ છે, ઊર્જાઓ છે, માનસિક-બૌદ્ધિક ઊર્જાઓ છે.

આ બધાને જોવું પડશે, પોતાના સમજવા માટે. આ ઊર્જાઓની જે મર્યાદા છે, સંસ્કારગત મર્યાદા છે માનસિક અને બૌદ્ધિક ઊર્જાઓમાં, દેહગત મર્યાદાઓ છે દેહની ઊર્જાઓમાં. જે અહંકાર શાંત બેઠો છે તેને જોઈ લેજો. પ્રેમની ક્ષણોમાં જે ઊર્જા કામ કરે છે, તેને જુઓ. જ્યારે નિસર્ગ સાથે બેઠા છીએ, ચિત્તમાં કોઈ વૃત્તિ કામ નથી કરતી ત્યારે આનંદ અને આહ્લાદક બનીને જે ઊર્જા પ્રગટ થાય છે, તેને પણ જરા જોઈ લેજો. હવે તમને ખ્યાલ આવશે કે દૈહિક, બૌદ્ધિક ઊર્જાઓ સિવાય એક ઊર્જા આપણા શરીરમાં કામ કરી રહી છે.

તમે તો યુવાન છો, ભણેલા-ગણેલા છો. પરમાત્માની અથવા આત્માની આ પ્રતીતિ, વૈજ્ઞાનિક રીતે થોડા સમયમાં મેળવી શકો છો. ત્યારે ખ્યાલ આવશે કે હું માત્ર હાડમાંસનું પૂતળું નથી. કેવળ સંસ્કારોની પરાધીન ગતિથી સંચાલિત થનાર એક ગુલામ નથી. સ્વાધીનતાની ચાવી છે મારી પાસે. એક એવો આનંદ કે જે એકવાર જાગૃત થયા પછી લુપ્ત નથી થતો. આવા આનંદનો અમૃતકુંભ છે મારા શરીરમાં. આ પ્રતીતિ જરૂર મેળવો. તમારી દિનચર્યામાંથી સમય મેળવો. એ સમયમાં સ્વાધ્યાય કરો. આ સ્વશિક્ષણ 'બિરાદર' નહીં કરે તો તેની પાસે કેવળ શબ્દ રહી જશે. આવા જડ શબ્દોથી કામ નહીં ચાલે.

આત્મનિષ્ઠ સમાજ પરિવર્તનની પ્રક્રિયા કરવાવાળા જીવનસાધકો આપણે છીએ એમ કહેતા પહેલાં, કરતા પહેલાં અથવા કહેતા કહેતા એ પરમાત્મસત્તાની પ્રતીતિ રૂપી સ્પર્શ મેળવવો જોઈએ. આ સગુણનો સ્પર્શ નથી, નિર્ગુણનો પણ સ્પર્શ નથી. આ સત્તાનો સ્પર્શ છે. સત્તાના સ્પર્શથી બુદ્ધિનાં ઓજ, તેજ વધશે. તેનાં સ્પર્શથી ભીંજાયેલું તમારું ચિત્ત રહેશે. એ સત્તા રસમયી છે, માટે તમારા ચિત્તમાં શ્રદ્ધાનો રસ વહેતો રહેશે અને બુદ્ધિમાં ઓજ, તેજ, પ્રતીતિનું બળ ભરતો રહેશે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હવે વાત કરું સો વર્ષ પહેલાંની. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં જેને તમે રામકૃષ્ણ પરમહંસ નામથી ઓળખો છો તે વ્યક્તિનો કામારપુકુરમાં, બંગાળમાં જન્મ થયો. ૪૮ વર્ષોની નાનકડી યાત્રા. આ નિરક્ષરવ્યક્તિ પણ આત્મપ્રતીતિ અને પ્રભુપ્રાપ્તિ કરી શકી. બંગાળમાં પશ્ચિમનાં શિક્ષણની બોલબાલા હતી. તે સમયે ગંગા કિનારે દક્ષિણેશ્વરમાં બેઠેલી નિરક્ષર વ્યક્તિનો પુરુષાર્થ તમે જરા જૂઓ. હિન્દુ ધર્મ, ઇસ્લામ ધર્મ, ક્રિશ્ચિયન ધર્મમાં સત્ય શું છે તે શોધવાની આ નિરક્ષર વ્યક્તિએ તપશ્ચર્યા કરી તેને જરા જોઈ લો. તેઓ ગ્રંથ નહોતા વાંચી શકતા. તમારા વેદ ઉપનિષદ્ નહોતા વાંચી શકતા. વિદ્યાલયમાં ગયા ન હતા. પરંતુ અનેક પ્રકારે તેઓએ જીવનનો ગ્રંથ વાંચ્યો, પ્રતીતિ મેળવી. આત્મશક્તિ તેઓ દ્વારા પ્રગટ થઈ અને એવી પ્રગટ થઈ કે બ્રાહ્મોસમાજનાં મોટા મોટા વિદ્વાનો તેમના ચરણોમાં ઝૂકવા લાગ્યા.

તેઓના પ્રસાદ છે સ્વામી વિવેકાનંદ, સ્વામી બ્રહ્માનંદ, વગેરે બાર યુવક મિત્રો. તેઓએ રામકૃષ્ણ મિશન દ્વારા જે કાંઈ કર્યું તે આત્મશક્તિની પ્રતીતિ ભરેલું હતું. રામકૃષ્ણ મિશનના વિદ્યાલયો હોય, દવાખાના હોય, રાહતનું કાર્ય હોય. સંન્યાસીઓને જનવિમુખતાથી, જીવનવિમુખતાથી બચાવી લીધા, સ્વામી વિવેકાનંદે. ભારતને સ્વાધીન બનવાની પ્રેરણા આપી. ગુલામો માટે કોઈ ધર્મ નથી એવું સ્વામી વિવેકાનંદ કહેતા. જો ધર્મ જીવવો હોય, અધ્યાત્મ જીવવું હોય તો સ્વાધીન બનો. સ્વામી વિવેકાનંદજી અને તેમની શિષ્યા ભગિની નિવેદીતાજીએ સ્વાધીનતાના સંગ્રામમાં આત્મશક્તિ સંપન્ન સહયોગ આપ્યો છે તે તમે વાંચજો.

તદ્ઉપરાંત એક વ્યક્તિ, નામ હતું અરવિંદ ઘોષ. ઈંગ્લેન્ડમાં ભણ્યા, ત્યાંનુ ભણતર પૂરું થયા પછી સયાજીરાવ ગાયકવાડ વડોદરા લઈ આવ્યા. ત્યાં થોડો સમય પ્રાધ્યાપકનું કામ કર્યું, સાધના કરી. આત્મસાધના અને દેશની સ્વાધીનતાની તમન્ના બન્ને સાથે હતા. 'વંદેમાતરમ્' છાપું કાઢયું, બંગાળ ગયા, પકડાયા. અલિપુર જેલથી નાસીને પોંડિચેરી જઈને વસ્યા, ત્યાં બેસીને પૂર્ણયોગમાર્ગનું શિક્ષણ આપવા માટે આશ્રમ બન્યો. આ આશ્રમ જાણે કે આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી બની ગઈ. તો તેઓએ આ માર્ગ પકડયો. રામકૃષ્ણ મિશનનાં સંન્યાસીઓએ બીજો પકડયો. રમણ મહર્ષિનો ત્રીજો માર્ગ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હતો કે આ 'હું', 'હું', 'મારું', 'મારું' કહેવાવાળું તત્ત્વ છે તમારી અંદર, તે શું છે? તેને ઓળખો. તેને નહીં ઓળખો ત્યાં સુધી સ્વાધીન નહીં બની શકો.

૧૮૮૫માં રામકૃષ્ણ પરમહંસનું શરીર શાંત થયું અને ૧૮૮૫માં જ રાષ્ટ્રીય કોંગ્રેસનો જન્મ થયો અને તે પણ કલકત્તામાં. દેશભક્તિથી પ્રેરાઈને સ્વાધીનતા માટે સંગ્રામ કરવો હતો. ત્યાં અધ્યાત્મ ન હતું. ત્યાં આત્મશક્તિનું અધિષ્ઠાન નહીં, દેશભક્તિનું અધિષ્ઠાન હતું. દાદાભાઈ નવરોજી, ફિરોજશા મહેતા, ન્યાયમૂર્તિ રાનડે, ભાંડારકર, બિપિનચંદ્ર પાલ, એક ધારા ચાલી. આ ધારાઓનું મિલન જેમનાં જીવનમાં હતું તે નેતા હતા બાલ ગંગાધર ટિળક. જેઓએ મંડાલાની જેલમાં બેસીને ભગવત્‌ગીતા પર ભાષ્ય લખ્યું, 'કર્મયોગશાસ્ત્ર'. તેઓ અધ્યાત્મ પ્રેરિત વ્યક્તિ હતા. 'The Artic Home in the Vedas', 'Orion', 'કર્મયોગશાસ્ત્ર' લોકમાન્ય ટિળકના આ ત્રણ ગ્રંથો છે. ત્રણે તો તમે નહીં વાંચી શકો, કદાચ 'કર્મયોગશાસ્ત્ર' વાંચતા હશો; વાંચજો. સ્વરાજ્યના સંગ્રામમાં નેતૃત્વ લેનાર વ્યક્તિ, સ્વરાજ્ય મારો જન્મસિધ્ધ હક્ક છે તેમ કહેનાર બ્રિટિશરોની જેમાં પડેલી વ્યક્તિની પ્રેરણા આધ્યાત્મિક હતી. **सामर्थ्य आहे चळवळींचे परंतु तेंचे भगवंताचे अधिष्ठान पाहिजे** । સ્વામી રામદાસના આ વચનોને લોકમાન્ય ટિળકજીએ જીવી બતાવ્યા.

ભગવંતનું અધિષ્ઠાન હોય પછી આંદોલન, અભિયાન, કંઈ પણ કર્મ તમે કરો તો તે પ્રભુશ્રદ્ધાથી, તેની સત્તાથી શક્તિશાળી બનશે. શક્તિનો સ્ત્રોત ત્યાં છે. આપણે તે શક્તિમાંથી અવતર્યા છીએ. સૂર્યની રશ્મિ બનવાનું ભાગ્ય મળે છે. તેવી રીતે વૈશ્વિક ચિન્મયી શક્તિનાં કિરણો છીએ આપણે. તે સંપૂર્ણ છે, આપણે મર્યાદિત છીએ. તે નિર્દોષ છે, અહીં દોષોની સંભાવના છે. લોકમાન્ય ટિળકે આ બન્ને ધારાઓને મેળવવાની કોશીશ કરી અને ગોખલે, આગરકરજીની મદદથી ડેક્કન એજ્યુકેશન સોસાયટી બનાવી. શિક્ષણ દ્વારા નવી ચેતના ઊભી કરવી છે, સ્વાધીનતા સંગ્રામ દ્વારા સ્વાધીનતા મેળવવી છે અને અધ્યાત્મનું અધિષ્ઠાન ભારતીય સંસ્કૃતિની વિશેષતા છે તેને પણ સંક્રમણ કરવું છે આવી પ્રેરણા હતી.

આ મશાલને ૧૯૨૦માં ઉપાડી લીધી મહાત્મા ગાંધીએ. આમ તો ગાંધીજી ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકાથી ભારતમાં આવ્યા હતા. તેમની પાસે શ્રીમદ્ રાજચંદ્રનાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અનુગ્રહથી જન્મેલું પોતાનું દર્શન હતું. તેમની પ્રેરણા આધ્યાત્મિક પ્રેરણા હતી. આધ્યાત્મિક પ્રેરણા કહું છું તો ગાંધીજનોને બહુ પ્રિય નથી લાગતું. તેઓ કહે છે કે, તે રામનામ લેતા હતા, તે ભક્ત હતા. ભક્તની પ્રેરણા હતી, નીતિની પ્રેરણા હતી. તેને આધ્યાત્મિક પ્રેરણા ન કહો. પરંતુ શું કરું જીવનની સમગ્રતાને નવી દ્રષ્ટિના આશ્લેષમાં લેનાર એ મહાપુરુષ માટે આધ્યાત્મિક પ્રેરણાનો જ શબ્દપ્રયોગ કરું છું. તેઓ ટિળક મહારાજથી આગળ વધ્યા. આવી રીતે જ આગળ વધવાનું હોય છે.

તમે લોકો એવી રીતે આગળ વધશો એવી આશા છે માટે તમારી સાથે વાત કરું છું. ગાંધીજીએ કહ્યું કે, વ્યક્તિનાં જીવનમાં એકાદશ વ્રતો દ્વારા ચિત્તશુદ્ધિ અને જીવનશુદ્ધિ આવશે. જનસંપર્ક માટે ખાદી અને ગ્રામોદ્યોગનાં કેન્દ્રો બનશે તો જનસંપર્ક કેવળ શાબ્દિક નહીં રહે. જનતાની આવશ્યકતાની પૂર્તિ કરવાની સેવા પણ તમે કરો. સંપર્ક પણ થશે અને સેવા પણ થશે, અને માનવનિષ્ઠ અર્થતંત્ર, અર્થનીતિનો પાયો અઝાદી આવે તે પહેલાં તૈયાર થશે. વ્યક્તિની જીવનશુદ્ધિ અને ચિત્તશુદ્ધિનો માર્ગ એમણે ખોલ્યો, સવાર-સાંજની પ્રાર્થના દ્વારા. કારણ કે અન્ન અને જળ જેવી આવશ્યકતા તેમને પ્રાર્થનાની પ્રતીત થતી હતી. આત્મસત્તાનાં સ્પર્શમાં અર્ધોકલાક વીતાવવાની અનિવાર્યતા ન અનુભવાય ત્યાં સુધી આત્મબળ જાગૃત નહીં થાય. સુષુપ્ત હશે પરંતુ તેને પ્રવૃત્ત થવા માટે તક તો આપવી જોઈએ. આ તક દિનચર્યામાં નહીં આપો તો આત્મબળ જાગૃત નહીં થાય, સુષુપ્ત હોય તો તે સામાજિક પ્રેરણાનું બળ નહીં બની શકે. એક તરફ સત્ય, અહિંસાને લઈને અંગ્રેજો સામે લડવું, બીજી તરફ રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા ભાવિ અર્થનીતિ, અર્થતંત્રનો પાયો તૈયાર કરવો, ત્રીજી તરફ વ્યક્તિગત જીવનશુદ્ધિ, ચિત્તશુદ્ધિનો ઉપાય કાર્યકર્તાઓને બતાવ્યો. ગાંધીજીના યુગકાર્યને સંક્ષિપ્તમાં તમને બતાવ્યું.

તેને આગળ વધારતાં વિનોબાજીએ કહ્યું કે, જ્યાં સુધી બ્રહ્મવિદ્યાની ઉપલબ્ધિ નથી થતી, જ્યાં ધનનો, સત્તાનો મોહ સ્પર્શ નથી કરી શકતો, કોઈપણ પ્રકારનાં મોહ માટે તે અસ્પૃશ્ય છે એવી બ્રાહ્મીદશા નથી મેળવતા, મનથી ઉપર ઊઠવાનો પુરુષાર્થ નથી કરતા ત્યાં સુધી સમાજપરિવર્તન નહીં કરી શકો. નવા મૂલ્યોની પ્રતિષ્ઠા સમાજમાં નહીં કરી શકો. વિનોબાજીનું ભૂદાન કાર્ય તમે થોડું જાણતા હશો. પરંતુ ભૂદાન

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પહેલાંનાં સત્યાગ્રહી વિનોબા, શિક્ષક વિનોબા, વિદ્વાન વિનોબાનું સાહિત્ય જોઈ જાઓ. આરામખુરશી પર બેસીને તે લખાયેલું નથી. સાબરમતીનો આશ્રમ હોય કે પવનારનો આશ્રમ હોય, આઠ-આઠ કલાક પરિશ્રમ કરતા હતા. આહારના પ્રયોગો ચાલતા, કાંચનમુક્તિના પ્રયોગો ચાલતા, અધ્યયન, આધ્યાપન ચાલતું, ગ્રંથલેખન ચાલતું. તેઓ કાર્યકર્તા નહીં જીવનસાધક બનો એ રામકૃષ્ણ પરમહંસની વાત જે કંઈ થોડી લોકો ભૂલી ગયા હતા, લાગ્યું હતું કે, આપણે સ્વરાજ્ય લાવવું છે, કાર્યકર્તા બનવું છે, નેતા બનવું છે; તેમાંથી હટાવીને રામકૃષ્ણ પરમહંસની પરંપરા પર પાછા લઈ ગયા, કહ્યું કે, બ્રહ્મવિદ્યાનું અધ્યયન કરો. જેટલું તમારા શ્રમથી કમાઈ શકો તેટલું કમાઓ, જીવનમાં સાદગી અપનાવો. શ્રમાધારિત જીવન, જનાધારિત જીવન, કાંચન મુક્ત જીવન, અદ્‌ભૂત-અદ્‌ભૂત પ્રયોગો છે તેમના !

પછી આવ્યું ભૂદાન આંદોલન. તેમાં ભારતીય સંસ્કૃતિમાં दानम् संविभागः । दानम् प्रायश्चितम् परिग्रहस्य । દાન એ પરિગ્રહનું પ્રાયશ્ચિત છે. દાન એ સંવિભાગ છે. ભૂમિના સ્વામિત્વનો આધાર બદલવાનો ભગીરથ પુરુષાર્થ કર્યો. પરંતુ હતું તે આત્મબળ. આવો જ પુરુષાર્થ રામકૃષ્ણ પરમહંસનો હતો, આત્મબળને પ્રગટ કરવાનો. તમને ખબર છે ગાંધીજી શું કહેતા રામકૃષ્ણદેવ માટે ? તેઓ કહેતા કે તેઓ માનવજાતિના એવરેસ્ટ છે ! મનુષ્ય દેવત્વ તરફ કેટલો ઊંચે ઊઠી શકે છે તે જોવું હોય તો રામકૃષ્ણ પરમહંસ જુઓ. તે રીતે સમાજમાં રહેતા-રહેતા અનેક પ્રકારનાં પ્રયોગો કરતાં-કરતાં યોગાવસ્થા તરફ મનુષ્ય કેટલો ઊંચે ઊઠી શકે છે તે જોવું હોય તો જૂઓ અમારા સંત વિનોબાજીનું જીવન.

રાગદ્વેષના કષાયથી મુક્ત ચિત્ત. 'કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ.' આ માત્ર મોક્ષ અભિલાષ રાખતાં વિનોબાજીએ શિખવ્યું, 'ભવેખેદ આંતર દયા, તે કહિયે જિજ્ઞાસ.' 'મોક્ષ છે નિજ શુદ્ધતા', રાગદ્વેષના કષાય શાંત થઈ જાય, તો 'તું છો મોક્ષ સ્વરૂપ.' આ જે શ્રીમદ્ રાજચંદ્રએ કહ્યું હતું તે વિનોબાજીએ પોતાના ગ્રંથોમાં અને સાથે કામ કરતા કાર્યકર્તાઓને બતાવ્યું કે અરે ! પરમાત્મા પ્રાપ્તિનો વિષય નથી. अप्राप्तस्य प्रापणम् । પરમાત્મા અપ્રાપ્ત નથી કે તેને પ્રાપ્ત કરવા નિકળો, ઉપલબ્ધ કરો. ભૂલી ગયા છો તેવી સ્મૃતિ થવી એ ઉપલબ્ધિ થવી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેની અભિવ્યક્તિમાં જેટલા અંતરાય છે તેને હટાવો. બીજું કશું નથી કરવાનું. આત્મા તો છે, તેની શક્તિ છે. પરંતુ તેને પ્રગટ થવાના રસ્તામાં તમારા રાગદ્વેષ, તમારી પસંદગી, નાપસંદગી, તમારા પૂર્વગ્રહો, તમારા નિર્ણયો, તમારો બૌદ્ધિક આગ્રહ, તમારી આસક્તિ કામ કરે છે. ટિળક મહારાજે 'કર્મયોગશાસ્ત્ર' લખ્યું, ગાંધીજીએ 'અનાસક્તિયોગ' લખ્યું, વિનોબાજીનાં 'ગીતા પ્રવચન'માં તો બ્રહ્માંડ સમાઈ ગયું ! સર્વદર્શન સમન્વય જે ગીતાનું હાર્દ છે તે ગીતા પ્રવચનોમાં અત્યંત મધુર રીતે અભિવ્યક્ત થયું છે.

તમે પૂછો છો કે આત્મશક્તિ કેવી રીતે પ્રગટ થાય, આત્મબળ કેવી રીતે પ્રગટ થાય, તો ઘડતર કરવું પડશે. સ્વશિક્ષણ લેવું પડશે. તમારા સંસારમાં, ગૃહસ્થાશ્રમમાં, 'ગુજરાત બિરાદરી'ની આપણે નાની-મોટી સેવા કરવાની છે તેમાં આટલા ગુંચવાઈ ન જશો કે પોતાના ચિત્તને રાગદ્વેષ મુક્ત બનાવવું, વાણીને સત્યાનુસારિણી બનાવવી, આહાર-વિહારને સંયમના બિંદુ પર લાવીને રાખવા તે તમે ભૂલી જાઓ.

જે બીજી ધારા નીકળી તે દેશભક્તિ, માનવભક્તિથી પ્રેરિત હતી. તેની પાછળ મોટા-મોટા મહાનુભાવો હતા, સામાન્ય વ્યક્તિ ન હતા. પછી તે સરદાર પટેલ હોય, પંડિત જવાહરલાલ નહેરુ હોય, રાજગોપાલાચારિ હોય, રાજેન્દ્રબાબુ હોય. પરંતુ ભૂલી ગયા કે પોતાની જાત બનાવવાની છે. સ્વરાજ્ય લાવવાનું છે અને અમે શાસક બનીશું, ભારતની જનતા પર પ્રશાસન કરીશું, તેના માટે નહીં; બાપુ કહેતા હતા તે ગ્રામ સ્વરાજ્ય માટે. ગામની ખેતી અને પશુપાલન અને ગ્રામોદ્યોગ ચાલે, સ્વાવલંબી ગ્રામસ્વરાજ્ય બનશે. પરસ્પર સંબંધ થશે. ભારત બનશે મહાસંઘ. પ્રશાસનની સંઘીય રચના હશે. એક કેન્દ્રીય રચનાનું સ્વપ્ન ન હતું. પરંતુ તે ન બની શકયું. ટિળક મહારાજને, મહાત્મા ગાંધીને તેઓ ભૂલી ગયા. શું કોંગ્રેસના સભ્ય થયા એટલે જીવનશુદ્ધિનો પરવાનો મળી ગયો ?

બ્રિટિશરો આ દેશને પરાધીન બનાવે કે અમેરિકનો બનાવે કે ભારતના લોકો બનાવે. જનતાની પરાધીનતા સહન કરે તે આત્મશક્તિ સંપન્ન વ્યક્તિ નથી. આપણી પાસે નિષ્ફળતાનો ઈતિહાસ છે. એમ ન માનશો કે થોડો પરિશ્રમ તમે કરશો અને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરિવર્તન કરી શકશો. આ બૌદ્ધિક વ્યાયામ નથી કે નવા કોઈ વિચારો આપો અને થઈ જશે. જે પોતાના વ્યક્તિગત જીવનને યજ્ઞવેદી સમજશે, પોતાના વિકારોની આહુતિ આપશે, ત્યારે તેનું આત્મબળ પ્રગટ થશે. વિનોબાજી કહેતા કે વિજ્ઞાનની સાથે સખ્ય રહેશે; આ સખ્યયોગ તો જમાનો છે.

આત્મશક્તિનો ખોટો અર્થ ન કરશો. સમાજમાં જપ, તપ, મંત્રની સિદ્ધિઓ મેળવવાવાળા લોકો હોય છે. તેની પાસે થોડી ન જોવા મળતી હોય તેવી શક્તિઓ તમને જોવા મળે. કોઈની કુંડલિની જાગૃત હોય, third eye જાગૃત હોય, વિચાર વાંચી લેતા હોય; મંત્ર આપે, ભભૂત આપે. આ બધા આત્મશક્તિના પુરાવા નથી. કુંડલિની શું છે ? મનોશારીરિક શક્તિ. કરોડરજ્જુના છેડે છે. સર્કસમાં જેવી રીતે લોકો છાતી પરથી ગાડી ચલાવે છે, મોટર સાયકલ ચલાવે છે, હાથ પર વાંસ તોડે છે, તે જેવી રીતે શરીરની સુપ્ત શક્તિઓની જાગૃતિ છે. તેવી જ રીતે મંત્રયોગ, તંત્રયોગ, હઠયોગથી બુદ્ધિ અને શરીરમાં જે સુપ્ત શક્તિઓ છે તેને જગાડી શકાય છે. પરંતુ એ ચમત્કારોને તમે આધ્યાત્મિક ચમત્કાર ન માનશો. ગુજરાતનું માનસ હજું પણ ભોળું છે. થોડું કંઈ અસામાન્ય દેખાય તો માની લે છે કે પહોંચી ગયા છે, મહારાજ થઈ ગયા છે; તેની પાછળ દોડે છે કે મહેરબાની કરો. સિદ્ધિઓનું સ્થાન છે. અતીન્દ્રિય શક્તિઓ શરીરમાં છે. તેને જગાડી શકાય છે. તેનો સાચો-ખોટો ઉપયોગ કરી શકાય છે. પરંતુ ઇન્દ્રિય શક્તિ, અતીન્દ્રિય શક્તિથી વૈશ્વિકશક્તિ પર છે, પરમાત્મશક્તિ તેનાથી પર છે.

નહીં તો તમે ભૌતિકથી નીકળશો અને અતીન્દ્રિયમાં અટકી જશો. આ સિદ્ધિઓમાં જે દેશમાં લોકોને પરિચય નથી ત્યાં મનુષ્ય જાતિ છેલ્લા પચીસ વર્ષથી ભટકી રહી છે. આપણા દેશમાં પરિચય હોવા છતાં પણ ભૂલી જવાય છે, ભટકી જવાય છે, તો પરદેશમાં તો લોકો આના કેટલા શિકાર બનતા હશે ! તે ભૌતિક નથી, આધિભૌતિક નથી, આધિદૈવિક છે. પરંતુ આ ત્રણેયથી અધ્યાત્મનું પરિમાણ અલગ છે.

ગાંધીજીની પાસે કોઈ વ્યક્તિ જતી અને તેઓની સહજતા સરળતા અને સત્યની તીક્ષ્ણતાથી તેનું પરિવર્તન થઈ જતું એ ચમત્કાર નથી ? અત્યંત ડરપોક લોકોમાં તેણે નિર્ભયતા અને સાહસ જન્માવ્યા. પરદામાં રહેનાર બહેનોને લાઠી-ગોળી ખાવાની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શક્તિ આપી તે ચમત્કાર નથી ? શું જીવન પરિવર્તન ચમત્કાર નથી ? એવું ન બને કે અધ્યાત્મના નામે તમે આધિભૌતિક તો પાર કરી જાઓ અને આધિદૈવિકમાં અટકી જાઓ. આવું ન કરશો. કારણ કે આ વૈજ્ઞાનિક અધ્યાત્મનો જમાનો છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિથી જોતા રહો. વ્યક્તિની જીવનચર્યામાં છે તે વાણીમાં છે કે નહીં ? સો ટકા ન હોય, પરંતુ બોલે તેનાથી વિપરીત તો તેનું જીવન નથી, વિસંગતતા નથી, એ જૂઓ. વિસંવાદ ન હોય વિસંગતી ન હોય તો માનો કે ઠીક રસ્તા પર છે. બોલે એક, કરે બીજું, સમાજમાં પ્રચાર કરે ત્રીજો; આવી વ્યક્તિથી બચજો. નહીં તો અધ્યાત્મના રસ્તે ન જવું જ ઠીક છે.

આત્મા કે સત્તામાં સમતોલન છે. નિસર્ગમાં એકરૂપતા અને સંવાદિતાનો સિદ્ધાંત હોય છે. આત્માનો સ્વભાવ સંયમ છે, સમતુલન છે, સહજતા છે. જ્યાં ઉન્માદ જોવા મળે, તે વિષયાનંદનો હોય, બ્રહ્માનંદનો હોય, સત્તાનંદનો હોય; જ્યાં ઉન્માદ હોય ત્યાં સમજજો કે કામ કાચું છે. જાણો છો ને, નામદેવ અને ગોરોબા કુંભારની વાત ? અમારા જ્ઞાનદેવની નાની બહેન મુક્તાએ એક દિવસ કહ્યું કે આજે થઈ જાય કસોટી કોનો ઘડો કાચો છે, કોનો ઘડો પાકો છે. ગોરોબા સહુથી વૃદ્ધ હતા તે બધાને ઠોકવા લાગ્યા અને નામદેવને ગુસ્સો આવ્યો. તો મુક્તા કહે, આ કાચો ઘડો છે ! તો જ્યાં કચાશ છે તેને બરાબર ઓળખી લો. અધ્યાત્મના ટૂંકા રસ્તા ન ગોતશો. શક્તિપાત કરાવી લઈશું, એકદમ અમારું ધ્યાન લાગી જશે, અરે ! અહીંયા શોર્ટકટ નથી ! આ તો જીવનનો વિકાસ છે. It is a growth. A wholistic growth of life within you. એકાએક થતો ફેરફાર નથી. તો, નાના-નાના દીપક બનો. પેટ્રોમેક્સ બનવાની ઉતાવળ ન કરશો. નાના મોટા દિવડાનો પ્રકાશ ગુજરાત માટે પૂરતો છે.

કોડિયું નાનું ભલે ને હું,
રહું છું સદાયે ઝગમગતું,
આવે ભલેને સામે જગતનું અંધારું,
સૂરજનું સંતાન છું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પોતાની સામાન્યતામાંથી અસામાન્ય પ્રગટ કરો. દસ સામાન્ય એકઠા થઈ જાય અને સખ્ય-સહયોગ કરે તો તેની અંદર અસામાન્ય પ્રગટ થશે. છેવટે લોકતંત્ર એ સામાન્ય લોકોનું તંત્ર છે. લોકશાસન સામાન્ય લોકોનું સ્વશાસન છે.

આત્મશક્તિ જાગૃત કરવા માટે પ્રતીતિથી પ્રારંભ કરો. આ પ્રતીતિ સજીવ રહે, સપ્રાણ રહે તે માટે દીપકમાં જેવી રીતે તેલ રેડો છો તેવી રીતે સવાર-સાંજનો સમય તેને આપ્યા કરો. સ્વાધ્યાયની આવશ્યકતા હોય તો સ્વાધ્યાય કરો નહીં તો તમારી સ્વસ્થતાને તમારું ચાલકબળ બનવા દો. ચિત્ત વિશ્રાંત ન થતું હોય તો ચિંતા ન કરો. ઓછામાં ઓછું તમારું જોવાનું તો સ્થિર થશે. વિચારો આવે છે તો તેને જોયા કરીએ. વિચારો ઊઠે છે તો ઊઠે છે. તેની પાછળ તમે તો દોડતા નથી. તમે તો આસન છોડતા નથી. તેનું સ્વામિત્વ સ્વીકારતા નથી. આ પરિવર્તન શું ઓછું છે ?

જોવાનું કર્મ સ્થિર થશે. પછી હું જોઉં છું તે ભાવ પણ સ્થિર થશે. Only state of observation will persist like a flame. એક જ્યોતિશિખા જેવી દ્રષ્ટુત્વની અવસ્થા રહેશે. આ વિજ્ઞાન છે. પ્રયોગ કરીને જોઈ જૂઓ. ચિત્તને શાંત થવા દો, તેની પહેલા દર્શન છે તો તેનો અભ્યાસ થાય, પછી દ્રષ્ટા અને દ્રશ્ય બન્ને શાંત થયા પછી જ્યોતિ વધારે પ્રકાશમય થશે. તમે જોતા નથી. તમને કશું દેખાતું નથી, કેવળ જોવાની ઊર્જા કાયમ રહે છે. તેના માટે સમય આપવો પડશે. આહારના અસંયમનો અધિકાર જનસેવા તમને નથી આપતી. આટલું કામ કરવાનું છે, ખાવાપીવાનો સમય નથી, સુવાનો સમય નથી. વિનોબાજી કહેતા કાર્યગ્રસ્ત ન બનો. ચિત્તને ચિંતાગ્રસ્ત અને દેહને કાર્યગ્રસ્ત ન બનવા દો. તો તમારા જીવનમાં આહાર-વિહારનો અવિવેક ન હોય, અસંયમ ન હોય તે જોશો. આ એક મોટું તપ છે. સમય પર કંઈ ખાવા ન મળ્યું તો મીઠું અને લીંબુ નીચોવી ફણગાવેલી મગફળી, ચણા ખાઈ લીધા. કામ ચાલશે. પરંતુ આજે સાંજે દસ વાગે ખાધું, કાલે બપોરે ખાધું, પરમ દિવસે રાત્રે ભોજન કર્યું. આવું ન કરશો. શરીરને ઓછામાં ઓછી છ કલાકની નિદ્રા આપો. ઓછામાં ઓછી છ કલાક, વધુમાં વધુ આઠ કલાક. આટલું કરો અને પછી જૂઓ મજા !

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છેલ્લા બસ્સો વર્ષમાં સમાજ પરિવર્તન માટે અનેક શક્તિઓનો ઉપયોગ થઈ ચૂક્યો છે. ૧૮૮૫ થી શરૂ કરી તેની વિવિધ શાખા-ઉપશાખાઓ વિવિધ પ્રશ્નોના રૂપમાં બની. પરંતુ એક જ કલ્ચર આવ્યું. કારણ કે વ્યક્તિજીવન પ્રત્યે ધ્યાન ન આપ્યું. સત્તાના સ્પર્શથી, સંપત્તિનાં સ્પર્શથી ચિત્ત ચલિત થાય તો એ ચિત્તની કમજોરી છે. વ્યક્તિ ખરાબ છે તેવું નથી. સત્તા કે સંપત્તિ તમારા હાથમાં આવી જાય તો તમારું ચિત્ત પણ ચલિત થાય. માટે અભ્યાસ કરવો પડશે.

હું એમ કહી રહી હતી કે, શક્તિનાં પ્રયોગથી ચેતના પરિવર્તન અને સમાજ પરિવર્તનના પ્રયોગ થયા. તેમાં એક પ્રયોગ સામ્યવાદી દેશોમાં થયો. સિદ્ધાંતો મનમાં ઠસાવવા, બ્રેઈન સ્ટોર્મિંગ, બ્રેઈન વોશીંગ આ શબ્દો છે. એક પ્રયોગ જર્મનીમાં કર્યો હિટલરે, આર્યવંશના શુદ્ધિકરણના નામે સંહાર કર્યો. બન્યું કશું જ નહીં. તો વિચારોને એક ધ્યેય બનાવીને મનમાં ઠસાવવા, બ્રેઈન વોશીંગ કરવાના પ્રયત્નો કરવા અને માનવું કે અમે વિચારોનો ઉપયોગ કરીએ છીએ. પરંતુ તેમ ન થયું. અમેરિકાએ ધનશક્તિનો ઉપયોગ કરીને જોયું. કંબોડિયા, વિયેટનામમાં શસ્ત્રોનો પ્રયોગ કરી જોયો, થયું નહીં. બ્રિટિશ ઉપનિવેશવાદ ગયો, ફ્રાન્સનો ગયો, અમેરિકાનો આર્થિક સામ્રાજ્યવાદનો પ્રયોગ ચાલી રહ્યો છે. નહીંતર, ધનશક્તિ, શસ્ત્રશક્તિ, વિચારશક્તિ ત્રણે નબળા પડયા. ન થઈ શકયું પરિવર્તન. માટે વેદોપનિષદ્રોએ કહ્યું ત્યાં સુધી નથી જતી. આપણે રામકૃષ્ણદેવ સુધી પહોંચી જઈએ તો પણ ઘણી વાત છે. સો-સવાસો વર્ષનો ઈતિહાસ જોઈ લો તો પણ ઘણી વાત છે.

એક રહી ગયો આત્મશક્તિનો પ્રયોગ. એ પ્રયોગ રાષ્ટ્રવ્યાપી સ્તરે ગાંધીજીએ કર્યો. સત્ય અને અહિંસાને સ્વાધીનતાના સંગ્રામનું શસ્ત્ર બનાવવાની કોઈ હિંમત નહોતું કરી શકતું. પરંતુ રશિયન ક્રાંતિએ હિંસાને, અંતિમ હિંસાને નામે, વર્ગસંઘર્ષના નામે જે શોષણ કર્યું હતું તે બાપુ જોઈ ચૂક્યા હતા. માટે માર્કસ, એંગલ્સ, લેનિન પછીની વાત ગાંધીજીએ રાખી અને કહ્યું કે, Truth is my God, Truth is my strategy, Truth is my defence. તેમના પરમાત્મા સત્યમય હતા, સર્વવ્યાપી હતા, સર્વમાં ઓતપ્રોત હતા અને એ જીવવાની તેમણે કેટલી કોશીશ કરી. તમે તેમનું જીવનચરિત્ર વાંચી જુઓ તો ખ્યાલ આવશે. હમણાં-હમણાં અમારા મિત્ર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નારાયણભાઈએ પોતાના પિતાશ્રી માટે ગ્રંથ લખ્યો છે 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ'. તેમાં જુઓ તો ખ્યાલ આવશે. મહાદેવભાઈની ડાયરીમાં તો મળે જ છે, પરંતુ હમણાં-હમણાંનું તમારા જમાનામાં લખાયેલું પુસ્તક છે. જરૂર અભ્યાસ કરજો. તપ કોને કહે છે, શ્રદ્ધા કોને કહે છે, ભક્તિ કોને કહે છે, કેવી રીતે જીવી શકાય છે એ શ્રદ્ધેય મહાદેવભાઈના જીવનમાંથી તમને પ્રેરણા મળશે. અત્યંત અને અદ્‌ભુત તટસ્થતાપૂર્વક અમારા નારાયણભાઈએ તે પુસ્તક લખ્યું છે.

તો શસ્ત્રશક્તિ, વિચારશક્તિ ગયા. હજુ પણ આપણા દેશમાં શસ્ત્રશક્તિનો પ્રયોગ ચાલી રહ્યો છે, વિચારશક્તિનો પ્રયોગ ચાલી રહ્યો છે પછી તે રામરથ હોય, રામશિલાન્યાસ હોય, રામપાદુકા પૂજન હોય, રામમંદિરની વાત હોય, અત્યંત ઊંડાણમાં પડેલા સંસ્કારને ભડકાવીને સત્તાની રાજનીતિ માટે તેનો ઉપયોગ કરવાનો પ્રયત્ન ચાલી રહ્યો છે. તમે જોશો કે તે પણ સફળ થવાનો નથી. વેરથી વેર શાંત થતું નથી અને શસ્ત્રનો ઉપયોગ કરનાર જાતે જ શસ્ત્રથી પરાજિત થાય છે. પછી શું રહી જાય છે ? રહી જાય છે The motivation force of soul. બાપુએ જેને 'આત્મબળ' કહ્યું હતું એ આત્મબળ ક્યાંયથી ખરીદી તો નથી શકાતું કે ઉપરથી અત્તરની જેમ છાંટી પણ નથી શકાતું. અરે ! આ દેહના કુંભમાં જે અમૃત ભર્યું છે તે જગાડવું પડશે. તેને વ્યક્ત થવાના માર્ગો ખોલવા પડશે.

આપણું નાનું શુ કામ છે. આપણે પ્રચારક નથી. આપણે જીવનશિક્ષક છીએ, વિચારવાહક છીએ. લોકસેવક છીએ. આપણી બહુ જ નિરાપદ ભૂમિકા છે, નિરામય છે. હવે આ સત્યવિચાર કોઈને ખૂંચતો હોય તો ખૂંચવા દો. બાપુ ખૂંચતા હતા, વિનોબાજી ખૂંચતા હતા. અસત્યને સત્ય જીવનાર વ્યક્તિ હંમેશા ખૂંચે છે. તકલીફ થશે અસહયોગ થશે. સાત વર્ષ સુધી બહુ પ્રેમ મળ્યો છે. હવે અપમાન, અનાદર, ઉપેક્ષા, વિરોધ થાય તો હું નાચી ઊઠીશ કે હવે મૂળ ઊંડા જવા લાગ્યા. બધા કહે બહુ સારું - બહુ સારું ત્યાં સુધી કોઈ મજા નથી.

◆

(તા. ૧૧-૦૪-૧૯૯૪, રવિવાર, સવારનું સમાપન પ્રવચન)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંપૂર્ણ વિમલ વાઙ્મય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંપૂર્ણ વિમલ વાઙ્મય (ગુજરાતી)

ક્રમ	શીર્ષક	ક્રમ	શીર્ષક
૧.	અતિમાનસના પ્રાંગણમાં*	૩૧.	જીવનયોગ
૨.	અધ્યાત્મનો આયામ	૩૨.	જીવનયોગ વિશેષાંક-અધ્યાય-૨
૩.	અધ્યાત્મની અગ્નિશિખા	૩૩.	જીવનયોગ વિશેષાંક-અધ્યાય-૧૨
૪.	અનન્તને સથવારે	૩૪.	જીવનસાધક બનો*
૫.	અપ્રમાદયોગ*	૩૫.	જીવનસાધકની વિમલયાત્રા
૬.	અભિનવ કાંતદર્શન	૩૬.	જીવન સૌરભ
૭.	અયોધ્યા પડકાર	૩૭.	જીવન સંવાદ
૮.	અવધૂત પ્રસાદી	૩૮.	થાઓ રે સાબદા ! ઘડી અણીની આવી !*
૯.	આતમ ગોઠડી ભાગ-૧	૩૯.	દવ તો લાગ્યો ડુંગરિયે*
૧૦.	આતમ ગોઠડી ભાગ-૨	૪૦.	દીદીની લોકજાગરણ યાત્રા*
૧૧.	આત્મદીપ*	૪૧.	દીદી સાથે*
૧૨.	ઔદ્યોગિક જીવનમાં આધ્યાત્મિકતા	૪૨.	દીદી સાથે કૅલિફોર્નિયામાં*
૧૩.	આપણે ક્યાં જઈ રહ્યા છીએ ?	૪૩.	દેવતાત્માની પ્રસાદી
૧૪.	ઉત્તિષ્ઠત જાગ્રત*	૪૪.	ધ્યાન : એક જીવનમાર્ગ
૧૫.	ઊઠો - હે ભારતવાસી	૪૫.	ધ્યાનાતિત યૌગિકજીવન
૧૬.	કર્મયોગનું વિજ્ઞાન*	૪૬.	ધન્વંતરીની સ્નેહવર્ષા
૧૭.	કઠોપનિષદ	૪૭.	નવભારતના ઘડવૈયાઓને
૧૮.	કસ્તુરબા ટ્રસ્ટની બહેનો સાથે*	૪૮.	નવો પલટો*
૧૯.	ખડસલીને આંગણે સત્સંગ ઉજાણી	૪૯.	નારી બને નારાયણી
૨૦.	ગાંધી જીવનદર્શન	૫૦.	નિજાનંદનો વિસામો*
૨૧.	ગુજરાતમાં જાગૃત જનતાનો અભિનવ પુરુષાર્થ	૫૧.	પરિવર્તનના પ્રભાતે
૨૨.	ગોપનાથ ગોષ્ઠિ*	૫૨.	પત્રો : ચૈતન્ય સંક્રમણ
૨૩.	ગ્રામ સ્વરાજ્યનું હાર્દ	૫૩.	પત્રાંશોમાં ઝળહળ વિમલાજી
૨૪.	ઘટસે જીવનરસ છલકે	૫૪.	પર્યુષણ પ્રસાદી*
૨૫.	ચૈતન્ય ક્રાંતિ	૫૫.	પ્રેરણા અને પગદંડી
૨૬.	જાગી ઉઠો જગદંબ*	૫૬.	પાથેય
૨૭.	જીવંત લોકશાહી માટે ભારતીય ઝંખના	૫૭.	પંચધારા*
૨૮.	જીવનગંગોત્રી*	૫૮.	બદ્ધ અને મુક્ત*
૨૯.	જીવનભાથું	૫૯.	બિરાદરી એટલે શું ?*
૩૦.	જીવનયોગ (પરિચય)	૬૦.	બિરાદરોને જીવનદીક્ષા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ક્રમ	શીર્ષક	ક્રમ	શીર્ષક
૬૧.	બિરાદરીનું અધ્યાત્મ	૯૩.	વિમલ-શિરીષ જીવન સંવાદ*
૬૨.	ભારત મૂલ્યનિષ્ઠાની એરણ*	૯૪.	વિમલ સંસ્મરણો
૬૩.	મધુપર્વ	૯૫.	વિમલ સત્ત્વ
૬૪.	મધુર અદ્વૈત	૯૬.	વિમલા ઠકારની જીવનવાણી*
૬૫.	મધુવનમાં સત્સંગ	૯૭.	વિમલાજી-જીવન સાધકની યાત્રા
૬૬.	મન સાથે મૈત્રી	૯૮.	શિક્ષણ : ચૈતન્ય સંક્રમણ
૬૭.	મનની ક્ષિતિજ*	૯૯.	સખ્ય-સહયોગ-સહજીવનનું વિજ્ઞાન
૬૮.	મનીષીની મનનધારા	૧૦૦.	સઘન સ્વકેળવણી વિશે વિમલાજીના વ્યાખ્યાનો
૬૯.	માર્કસ-માઓ-ગાંધી પછી શું ?*	૧૦૧.	સત્તાની સમસ્યા*
૭૦.	માર્ગદર્શિકા	૧૦૨.	સત્સંગ સન્નિધિ
૭૧.	માતૃશક્તિ	૧૦૩.	સમગ્રતાનું શિક્ષણ
૭૨.	માનવ બનો	૧૦૪.	સમન્વયાત્મક વિજ્ઞાન અને અધ્યાત્મ
૭૩.	માનવ નિર્માણ	૧૦૫.	સહજ સમાધિ ભલી
૭૪.	માનવતાને કેળવણી*	૧૦૬.	સહિયારો સત્સંગ
૭૫.	માનવીય ક્રાંતિ રાહ જુએ છે	૧૦૭.	સંત જ્ઞાનેશ્વરનો પંચમ પુરુષાર્થ પ્રદીપ ભાગ-૧
૭૬.	મિત્ર મિલન	૧૦૮.	સંત જ્ઞાનેશ્વરનો પંચમ પુરુષાર્થ પ્રદીપ ભાગ-૨
૭૭.	મુક્તિ સોપાન*	૧૦૯.	સાચું ધાર્મિક જીવન જીવવાની ઝંખના
૭૮.	મૌનની સાધના	૧૧૦.	સાથે ચાલો
૭૯.	મૌનનો નિનાદ	૧૧૧.	સાધક અને સાધના*
૮૦.	યુવકોને આહ્વાન*	૧૧૨.	સાધનામય જીવન
૮૧.	યોગ આનંદ પર્વ	૧૧૩.	સુશ્રી વિમલાજીનું સમગ્રજીવન દર્શન
૮૨.	યોગક્ષેમં વહામ્યહમ્*	૧૧૪.	સ્થિતિપ્રજ્ઞસ્ય કા ભાષા
૮૩.	રંગ દે બસંતી ચોલા*	૧૧૫.	સ્વશિક્ષણની કલા*
૮૪.	રૈકીના શિક્ષકો સાથે સંવાદ	૧૧૬.	હવે જોઈએ વિશ્વસંઘ
૮૫.	લોકતંત્રની મૂલ્યરક્ષા	૧૧૭.	હેતની રેલી
૮૬.	વિમલ ચૈતન્યમાં ઝંકૃત જ્ઞાનેશ્વરી	૧૧૮.	શ્રી અમૃતાનુભવ અને ચાંગદેવ પાસષ્ઠિ
૮૭.	વિમલ જીવનયાત્રા	૧૧૯.	શ્રી જ્ઞાનેશ્વરી (પદ્યાનુવાદ)*
૮૮.	વિમલ ઝરણું : ભાવ સંસ્પર્શ	૧૨૦.	શ્રી જ્ઞાનેશ્વરીમાં વિશ્વરૂપદર્શન યોગ
૮૯.	વિમલ નિર્ઝર : ભાવ સંસ્પર્શ	૧૨૧.	નારીદેહે અવધૂત
૯૦.	વિમલ પથે જીવનયાત્રા*		
૯૧.	વિમલ વચનામૃત		
૯૨.	વિમલ વાણી		

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

सम्पूर्ण विमल वाङ्मय (हिन्दी)

ક્રમ	શીર્ષક
१.	अध्यात्म : समग्र जीवन-विज्ञान
२.	अध्यात्मका पाञ्चजन्य
३.	अनाहत के पथ पर*
४.	अवधूत प्रसादी
५.	अशब्द की ओर
६.	अन्धेरे में त्रिविध प्रकाश*
७.	आत्मदीप
८.	इस शतकका अन्तिम अवसर
९.	कठोपनिषद्
१०.	कस्तुरबा ट्रस्ट की बहेनों से*
११.	ग्रामदान से ग्रामस्वराज्य*
१२.	चूनाव बने जनता का पर्व
१३.	जीवनयोग
१४.	जीवन संजीवनी
१५.	जीवन सौरभ
१६.	पंचामृत
१७.	पावक स्फूल्लिंग*
१८.	पाञ्चजन्य का अनुनाद*
१९.	बिरादरी के पथ पर*
२०.	भक्ति भागीरथी*
२१.	भाव्रांजलि*
२२.	भूदान दीपिका
२३.	मधुपर्व
२४.	मध्यप्रदेश में विमल सत्संग यात्रा*
२५.	मन के उस पास
२६.	मानव निर्माण*
२७.	मानव बनें*
२८.	मातृशक्ति*
२९.	मौन के अनुनाद*
३०.	युग की माँग*

ક્રમ	શીર્ષક
३१.	युग की माँग - छतरगढ़ भाषण*
३२.	लोकनीति : दादा की नज़र से
३३.	शान्तिमय क्रान्ति की पुकार
३४.	शिक्षण द्वारा समग्र क्रान्ति*
३५.	सख्य संवाद*
३६.	सत्संग प्रश्नोत्तरी
३७.	सहज समाधि भली
३८.	साधनामय जीवन
३९.	साम्य योग का रेखाचित्र
४०.	संजीवक शक्ति
४१.	स्वधर्म सूर्य के आलोक में विश्व
४२.	स्वाधीन बनो ताकी जनतंत्र बचे*
४३.	श्रीमद् भगवद्गीता : भावार्थ दीपिका अध्याय-२
४४.	श्रीमद् भगवद्गीता : भावार्थ दीपिका अध्याय-९
४५.	श्री ज्ञानेश्वरी (पद्यानुवाद)
४६.	त्रिविध प्रकाश

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

All Books by Vimala Thakar (English)

Sr.	Title	Sr.	Title
1.	A Challenge to Youth*	36.	Meditation Book-2*
2.	A Scientific Outlook on The Integration Through Education	37.	Meditation Book-3*
.3.	An Indian Quest for Democracy	38.	Meditation Book-4
4.	Arise, Awake and Act Part-1*	39.	Meditation in Daily Life
5.	Arise, Awake and Act Part-2	40.	Mutation of Mind
6.	Avadhoot of Arabudachal	41.	Nijmegen University Talks
7.	Being and Becoming*	42.	Nijmegen University Talks-2
8.	Benaras University Talks	43.	Old Order Changeth
9.	Beyond Awareness*	44.	On An Eternal Voyage
10.	Blossoms of Friendship	45.	Passion for Life
11.	Coming Parliamentary Elections*	46.	Path of Nirvana
12.	Ego*	47.	Personal Discovery of Truth
13.	Exploring Freedom*	48.	Pilgrimage Within*
14.	Fear not Life*	49.	Quest for Truth (Vimala Amritham)
15.	FiveTalks Given at Claremont, California	50.	Radical Peace*
16.	Flame of Enquiry	51.	Sadhana and Sadhak*
17.	Friendly Communion	52.	Science and Spirituality
18.	From Heart to Heart*	53.	Silence
19.	From Intellect to Intelligence*	54.	Silence in Action
20.	Glimpses of Ishavasya	55.	Songs Of Yearning*
21.	Glimpses of Rajayoga	56.	Spirituality and Social Action*
22.	Global Vigil*	57.	Spiritualty in Industrial Life
23.	Himalayan Pearls	58.	Talks in Australia
24.	Insights into Bhagvad Gita	59.	Talks in Ceylon and California
25.	Kathopanishad	60.	The Art of Dying While Living
26.	Kena Upanishad	61.	The Ayodhya Challenge
27.	Life and Living*	62.	The Benedication of Being Alive*
28.	Life as Teacher*	63.	The Challenge of Contradictions in Indian Polity
29.	Life As Yoga*	64.	The Eloquence of Action
30.	Life is Consciousness	65.	The Eloquence of Living
31.	Life is Movement*	66.	The Eloquence of Ecstasy
32.	Life is to be Related	67.	The Flame of Life*
33.	Living a Truly Religious Life	68.	The Meditative Way*
34.	Meditation A Way of Life*	69.	The Message of Chhandogya Part-1
35.	Meditation Book-1*	70.	The Message of Chhandogya Part-2
		71.	The Mystery of Silence

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Sr.	Title
72.	The Nation on Trial
73.	The Urgency of Self-Discovery *
74.	Through Silence to Meditation
75.	Totality in Essence
76.	Towards Total Transformation
77.	Vigil India*
78.	Vigil on Global Events*
79.	Vimal Dhyan Yoga*
80.	Vimalaji and her Perspective of Life
81.	Vimalaji on Intensive Self Education
82.	Vimalaji on National Problems
83.	Vimalaji's Dialogue with Norwegian Group
84.	Vimalaji's Global Pilgrimage Part-1
85.	Vimalaji's Global Pilgrimage Part-2
86.	Voyage into Oneself*
87.	What is Meditation ?
88.	Where are we Heading to ?*
89.	Why Meditation ?
90.	Yoga Beyond Meditation
91.	Yoga of Silence*

सम्पूर्ण विमल वाङ्मय (मराठी)

(१) भूदान दीपिका
(२) साम्ययोग चा रेखाचित्र
(३) अंतरिचे उमाळे
(४) उन्मीलन
(५) जीवन रहस्य
(६) विमल वैजयन्ती
(७) आधार - पण आश्रय नव्हे
(८) आत्मोल्लास
(९) जगावेगळं अध्यात्म
(१०) ध्यानमय दैनंदिन जीवन
(११) विश्व स्वधर्मसूर्ये पाहो।
(१२) माझे अयोनिसंभव शब्द
(१३) प्रयाणोत्सव
(१४) अध्यात्म अर्थात् आमूलाग्र क्रान्ति
(१५) अहो, हे पुण्यपर्व आहे !
(१६) नवमानव समाजाचो आधारस्तंभ
(१७) सद्यकालीन परिवर्तनातून नवनिर्मिती
(१८) अनादि अनंत यात्रा
(१९) ज़ीवनयोग
(२०) जीवन जीवविते मंत्र
(२१) ध्याना पलिकड ची योगयात्रा
(२२) जीवन योगिनी
(२३) निर्वाणपथ दीपिका
(२४) शब्देंविण संवादू
(२५) जीवन सौरभ
(२६) मधुपर्व
(२७) संजीवकशक्तिचे वाहक बनावे

વિમલ પ્રકાશન ટ્રસ્ટ

''વિમલ સૌરભ'' વાણિયાવાડી શેરી નં.-૯, રાજકોટ-૩૬૦ ૦૦૨ ગુજરાત
ફોન/ફિક્સ : (૦૨૮૧) ૨૩૬૫૨૭૯ e-mail : vimalsaurabh2010@yahoo.com

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Books by Vimala Thakar in other languages

Dutch:

01 Toespraken Universiteit Nijmegen, 1970
02 Toespraken Universiteit Nijmegen, II , 1972
03 Vrouwen en Spiritualiteit
04 Mutatie van de Menselijke Geest
05 Dynamische Stilte, 1974
06 De Dringende noodzaak tot zelfontdekking en het Geheim van de stilte
07 Kan een enkeling iets doen om kernoorlogen te voorkomen?
08 Het leven staat niet stil
09 Zelf op zoek naar waarheid
10 Hartstocht voor het Leven

Esperanto

01 Talk 6 at Hoeven (Netherlands)

French:

01 Un Éternal Voyage
02 La Méditation, un mode de vie
03 La Bénédiction d'être vivant
04 Les Secrets de la Bhagavad Gita
05 L'Énergie du Silence
06 Le Yoga au-delà de la méditation

Portuguese

01 Viver e Relacionar Se
02 Meditacao, Uma Maneira de Viver
03 Mas Alla De La Conciencia
04 Ser y Devenir
05 La Mutacion de la Mente

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Italian:

01 Discorsi sulla meditazions
02 IL Mistero del Silenzio
03 La Mutazione della mente
04 VIVERE (Desiderio di libertà - La meditazione)
05 Lo Yoga oltre la Meditazione
06 Pace Radicale
07 Bhagavad Gîtâ Commento ai capitoli V-VIII Parte prima

German:

01 Die Kraft der Stille
02 Meditation, eine Lebensweise
03 Wo Worte unulenglich sind
04 Flamme des Lebens
05 Von Der Angst zur Liebe
06 Meinne Begegnung mit Krishnamurti

Spanish

01 Espiritualidad y acción social
02 Transformamdonsen investigadones espirituales
03 Significado de la espiritualidad
04 Espiritualidad en la vida cotidiana
05 Espiritualidad y condicionamiento psicológico
06 La bendición de estar vivo
07 Vaije dentro de uno mismo
08 Rumbo a La Transformación Total
09 El Silencio del espacio interior
10 La urgencia por la Libertad
11 Perlas Del Himalaya
12 Desafio a la Juventud

Polish

01 O Przemianie Czlowieka - Spotkania z. J. Krishnamurtim

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સત્યમૂલક
સહયોગ પરાયણ
સહજીવન

વિમલા ઠકાર

Dr. Urmila Sharma Collection, Varanasi